R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

VOL.67 ISSUE NO. 10 - JANUARY 2025 - 56 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




We Navigate
Your Financial Adventure
& Ensure you
a smooth journey of life
from where you are
to where you want to be

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
FINANCIAL SERVICES
With you, For you, Always...

Registered Office :
Gada & Haria Financial Services
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
| --- | --- | --- |
| Village : Bada | Village : Samaghoga | Village : Nagalpur |
| 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ


શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯

૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org


## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

## પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ ક્યુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર ક્લિક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂા.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂા.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

---

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742

પગદંડી


જાન્યુઆરી ૨૦૨૫

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | |
| જો પ્રાપ્ત હૈ..................................... | સંજય ચંદન વિસનજી છેડા .......... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ..................................... | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન.......... | ૧૧ |
| પગ મેં ભમરી.......................................... કેરાલાથી બિહાર- સુધાબેનની સેવાયાત્રા | લીલાધર માણેક ગડા - અધા......... | ૧૬ |
| ધનનો લોભ અને મોહ............................... | હેમા વીરા ............................... | ૨૨ |
| માનસિક સ્વાસ્થ્ય....................................... | ડૉ.શિરીષ ચુનીલાલ માલદે.......... | ૨૪ |
| સૂર શબ્દનું સરનામું - પદ્મશ્રી અવિનાશ વ્યાસ.. | રાજેશ સાવલા.......................... | ૨૮ |
| બાળક ઈશ્વરની અમાનત | જયંત ગણશી જાગાણી................ | ૩૦ |
| સાહિત્ય અમૃત ......................................... | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............ | ૩૨ |
| પ્રતિભાવ - પ્રતિસાદ ................................. | | |
| પગદંડી ડિસેમ્બર ૨૦૨૪ અંક............. | રશ્મિ લતિકાન્ત સાવલા.............. | ૩૭ |
| પગદંડી ને પત્ર | | |
| ધાર્મિક સંસ્થાઓનું વેપારીકરણ.......... | ચુનીલાલ દેવશી દેઢિયા .............. | ૩૭ |
| ઉર્મિલહર................................................... | સંપાદન : વિશન નાગડા............. | ૩૮ |
| બિન્દાસ બોલ - અહેવાલ............................ | સંકલન : લોપા ઈલેશ ધરોડ......... | ૪૨ |
| થિયેટર ઍક્ટિંગ વર્કશોપ - અહેવાલ............. | ............................................. | ૪૬ |
| સેવા સમાજ - અપડેટ................................ | ............................................. | ૪૮ |
| સાંત્વન...................................................... | ............................................. | ૫૨ |
| મુખપૃષ્ઠ ચિત્ર અને માહિતી.......................... | કિરણ વિસરિયા ........................ | ૧૩ |


**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**


Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
GALA CATERERS
From the Heart of Mumbai to the
Vibrant Landscapes of Kutch !
Crafting Moments, Creating Memories
ELEVATE YOUR EVENT WITH
EXQUISITE FLAVOURS & IMPECCABLE SERVICE
GRAND WEDDINGS
ANNIVERSARY PARTIES
BUFFET CATERING
EVENT CATERING
CORPORATE CATERING
DINNER PARTIES
CONTACT US
ATUL GALA | 93 2222 1205 . RAJESH GALA | 98200 32010/50
ROHIT GALA | 98200 99251 . CHIRAG GALA | 97 0202 9280

## તંત્રીસ્થાનેથી



# જો પ્રાપ્ત હૈ...

‘‘જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ’. બસ આટલું કહીને ગૅમ ક્વિટ કરનાર વિરલ વ્યક્તિત્વ સામે, યજમાન અમિતાભ બચ્ચને પણ અચરજ સાથે સ્વીકારવું પડ્યું, કે ‘‘વીસ વર્ષથી આ શો કરું છું અને વીસ વર્ષમાં આવું પહેલી વાર થયું છે.’’

તારીખ ૧૭ ઑક્ટોબર, ૨૦૨૪. કૌન બનેગા કરોડપતિનો સિઝન ૧૬નો ૪૯મો એપિસોડ. હોટ સીટ પર ડૉ. નીરજ સક્સેના, Ph. D., કોલકાતાની JSI યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર, (અને સૌથી અગત્યની વાત) ડૉ. APJ અબ્દુલ કલામ સાથે એમનો કામ કરવાનો સુખદ્ અનુભવ.

ફાસ્ટેસ્ટ ફિંગરમાં સૌથી ઓછા સમય (૬.૦૮ સેકન્ડ)માં સાચો ઉત્તર આપીને બિગ બીની સામે હોટ સીટ પર બેસનારા ડૉ. નીરજ સક્સેના, એક પછી એક પ્રશ્નોના સરળતાથી ઉત્તર આપતા ગયા. બે ગૂંચવણવાળા પ્રશ્નોમાં એમણે પોતાની બે લાઈફલાઈન વાપરી, તો પણ બહુ સરળતાથી તેઓ દસમા પ્રશ્ન પર પહોંચી ગયા અને ત્રણ લાખ વીસ હજારના એક બોનસ સાથે કુલ છ લાખ ચાલીસ હજાર જીતી ચૂક્યા હતા.

એક કરોડનું ઈનામ, માત્ર છ સવાલ દૂર હતું એક ડબલ ડીપની લાઈફલાઇન બાકી હતી અને જે રીતે ડૉ. નીરજ સક્સેનાએ હજી સુધી જવાબ આપ્યા હતા, એટલે એક લાઈફલાઈન સાથે ૨૫ કે ૫૦ લાખનું લક્ષ્ય પર તો એકદમ સરળતાથી પહોંચી શકાય એમ હતું, પણ ડૉ. નીરજ સક્સેનાએ અગિયારમો સવાલ સાંભળવાની પણ રાહ ના જોઈ અને એની પહેલાં ગૅમ ક્વિટ કરી દીધી.

યજમાન અમિતાભ બચ્ચન સહિત સમસ્ત દર્શકગણ પણ અચંબામાં હતા, કે ડૉ. નીરજ સક્સેનાએ કેબીસીની રમત આમ અધવચ્ચે છોડી કેમ દીધી અને ડૉ. નીરજ સક્સેનાનો જવાબ હતો, ‘‘જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ’’.

સકસેનાજીએ એ પણ ઉમેર્યું કે મારા સિવાય અન્ય રમનારા પણ છે અને એ સૌ મારાથી નાના છે. જો હું રમતો રહીશ તો એમને મોકો નહીં મળે. બસ બીજાઓને પણ મોકો મળે એ માટે હું ગૅમ ક્વિટ કરવા માંગું છું. અમિતાભ બચ્ચન સહિત સમસ્ત દર્શકગણે ડૉ. નીરજ સકસેનાને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું.

ડૉ. સકસેનાનો આ યત્ન સાચે યથાર્થ નીવડ્યો. એમના કહ્યા મુજબ, એ પોતાને જે મળ્યું એનાથી તૃપ્ત હતા, સંતુષ્ટ હતા અને અન્યોને મોકો આપવા માંગતા હતા અને સાચે જ એવું થયું. એમના પછી ફાસ્ટેસ્ટ ફિંગર જીતનાર યુવતી સોનિયા રિઝવાનીની કથા કંઈક એવી જ સંઘર્ષમય હતી. સોનિયાના પિતાને દીકરો જોઈતો હતો અને એટલે એક પછી એક ત્રણ દીકરી જન્મતા એ નિર્દયી પિતા, ત્રણ દીકરીઓને અને એની માતાને છોડીને ભાગી ગયો. સોનિયા એ પરિવારની સૌથી મોટી દીકરી, જેના પર માતા અને નાની બે બહેનોની દેખભાળનો ભાર હતો. એને આ હોટ સીટ મળી અને એ થોડીઘણી રકમ જીતીને એના પરિવારને થોડાઘણા અંશે મદદરૂપ થઈ શકી.

(કોઈ એમ પણ કહેશે કે આ બધો એ ગૅમ શોની ટીઆરપી વધારવાનો પબ્લિસિટી સ્ટંટ હશે અને કોઈ અન્ય વ્યક્તિ માટે આપણે એ વાત માની પણ લેત.) પણ એ વ્યક્તિ જેમણે વર્ષો સુધી આપણા મિસાઈલમેન રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ સાથે કામ કર્યું હોય, એ વ્યક્તિ માટે આવું માનવું, આપણી શંકાનો અતિરેક થઈ જશે.

ચાલો જવા દો. વાત એ ગૅમ શો કે એની ટીઆરપીની નથી. આજની વાત છે. ડૉ. નીરજ સકસેનાના એ એક સુવર્ણ વાક્યની, જે આજના લેખનો વિષય છે.

‘‘જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ’’.

કેટલો ઉચ્ચ વિચાર, કેવો સુંદર આદર્શ, પણ આ આદર્શને સમજનાર, સ્વીકારનાર અને એને પોતાના જીવનમાં વણનાર કેટલા ?

(અરે એકવાર તો ડૉ. નીરજ સકસેનાની સામે બેઠેલા બિગ બીને પણ આ વાત લાગુ પડે છે. પોતાની ખોટ ખાતી કંપની, પરિવાર પરનું કર્જ, વગેરે ઉતારવા સુધીનો સંઘર્ષ એક વાત હતી અને હવે ૮૨ વર્ષની ઉંમરે જે રીતે બિગ બી કામ કરે છે, જે રીતે દર મહિને એમના પરિવાર દ્વારા કોઈ ને કોઈ નવી પ્રોપર્ટી ખરીદવાના સમાચાર છપાતા રહે છે, એ રીતે તો ડૉ. નીરજ સકસેનાએ સ્વયં બિગ બીને પણ આ સંદેશ આપી દીધો, કે ‘‘ભાઈ, હવે તો અટકો’’)

આપણી આસપાસ જ જોઈ લો, ઘર, પરિવાર, આડોશ-પાડોશ, સમાજ, રાજ્ય કે દેશ, બધે જ બધા મંડી પડ્યા છે. બધાને બધું જ કરવું છે, બધું જ જીવવું છે, બધું જ જીતવું છે. કોઈને સ્વપ્ને પણ વિચાર નથી આવતો, કે ''બસ, હવે અન્યોને પણ મોકો આપું''.

વાત ''નામ''ની હોય, ''કામ''ની હોય, ''પૈસા''ની હોય, ''પદ''ની હોય કે ''હોદ્દા'' કે ''પ્રતિષ્ઠા''ની. ભાગ્યે જ કોઈ વિચારતું હશે, કે ''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ''.

**''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ'' સિધ્ધાંતના ફાયદા :**

૧. જો દરેક વ્યક્તિ આમ વિચારે તો કદાચ આ પૃથ્વી પર જેટલું છે એ બધાને પૂરતું થઈ રહે. ઈશ્વરે જ્યારે આ વિશ્વનું નિર્માણ કર્યું ત્યારે કીડીને કણ અને હાથીને મણના હિસાબે બધાને એમને જોઈતું મળી રહે એ રીતે જ બધું ઘડ્યું હશે. પણ સમસ્યા શરૂ થઈ જ્યારે, જેમને જેટલું મળ્યું એના પર થોભ ના રહ્યો અને માત્ર ને માત્ર લોભ રહ્યો. જેમને મળ્યું એ હજી વધુ ને વધુ માટે દોડતા રહ્યા અને જે કદાચ થોડા ઓછા સક્ષમ હતા, એમણે થોડું મેળવવા માટે પણ સંઘર્ષ કરવો પડ્યો.

૨. આપણે સૌ એ વાત (પોતાના સ્વાનુભવ)થી સમજી અને જાણીએ છીએ કે આ દોડનો ક્યાંય અંત નથી. ૨ બીએચકેના મોટા ફ્લેટ પછી પણ આપણને ફ્લાવર બેડ કે ડ્રાઈંગ એરિયા પણ કવર કરીને ફ્લૅટમાં ઉમેરી લેવો હોય. અરે એટલું જ નહીં, એવા જોડી ફ્લૅટના માલિક થઈ જઈએ એ પછી પણ આપણને લિફ્ટ લૉબીમાં જ બૂટના સ્ટેન્ડ (ફાયર ડિપાર્ટમેન્ટના હુકમોને અવલંઘીને) મુકાવવા હોય, તો વિચારો આ લોભને (આપણા પોતાના સિવાય) થોભ કોણ કહેશે.

૩. સદીઓથી આપણને એક વાત શિખવવામાં આવે છે, કે સુખ, સંતોષ, આનંદ મેળવવામાં નહીં, પણ પામીને વહેંચી દેવામાં છે. ''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ''નો એક મોટો ફાયદો એટલે સંતુષ્ટિની એ લાગણી.

૪. ''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ''ના વાક્ય સાથે જ્યારે આ દોડમાંથી આપણે બાજુ પર હટી જઈને અન્યોને આગળ વધવાનો મોકો આપીએ ત્યારે પહેલો આનંદ એટલે અન્યો માટે કઇંક કરી છૂટ્યાનો આનંદ અને બીજો મોટો ફાયદો એટલે આ દોડનો થાક, એની ચિંતા, એના બોજ, બધાથી મુક્તિ, એટલે માનસિક કે શારીરિક સંતાપથી થોડો ઘણો બ્રેક.

૫. વાત જ્યારે કુટુંબની હોય ત્યારે આમ પાછળ હટીને નવી પેઢીને આગળ આવવા કહેશો ત્યારે જ તો એ લોકો પોતાની જવાબદારી સમજી અને સંભાળી શકશે અને વાત જ્યારે સંસ્થાનાં પદ કે હોદ્દા કે સત્તાની હોય ત્યારે આમ કરવાથી જ, આપણે પોતે જ્યાં છીએ ત્યાંથી થોડુંક ઊંચે જઈ શકીએ અને સાથેસાથે નવું લોહી, નવું જોમ, નવા ટેલેન્ટને ત્યારે જ તો આગળ આવવાનો મોકો મળશે.

**''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ''ના કેટલાક ગેરફાયદા :**

૧. જો બધા જ આમ વિચારવા લાગે તો કદાચ સમાજનો કે દેશનો જીડીપી ગ્રોથ જ અટકી જાય. બધા જ જ્યાં છે ત્યાં સંતુષ્ટ થઈ જાય તો પ્રગતિ જેવું કંઈ બચે જ નહીં (પણ આપણે બધા માટે આ સિધ્ધાંતની વાત કરી જ નથી રહ્યા. વાત છે, જે મેળવી ચૂક્યા છે, એ બીજા માટે સ્થાન આપે, રસ્તો આપે) અને શક્ય છે એક નવી પેઢી આપણાથી આગળ, આપણાથી સારું પરિણામ આપે, તો ''ખુદ અમે તો પહોંચી શક્યા મંજિલે, રાહ કિન્તુ કોઈને બતાવી દીધી''નો આનંદ પણ કેવો મજાનો હોય.

૨. આમ કરવાથી જવાબદારી, નામ કે દામ માટે પાછળ હટવાથી શક્ય છે કે આપણી સત્તા ઓછી થઈ જાય કે આપણને મળતું સન્માન ઓછું થઈ જાય (પણ સામે જો સમય સાથે નવી પેઢીને તક નહીં આપો તો આમ પણ માન ટકવાનું નથી જ).

૩. આ કરવા માટે પોતાનો નામ, દામ, ધન, પદ, મોભા સાથે મળતો અહમ્ પણ ત્યાગવો પડે. અહમ્ સાથેસાથે ક્યારેક ક્યારેક થોડુંક માન, સન્માન પણ ઓછું થાય. છેવટે તો આખી ભૌતિક દુનિયા, નામ, દામ, સત્તા, સંપત્તિ, પદ અને મોભાને સલામ કરે છે (પણ વાત માત્ર આ ભૌતિક દુનિયાની નથી. વાત છે, ખુદના આત્માને પણ જવાબ આપવાની. વાત છે પરમાત્માને હિસાબ આપવાની. જો આત્માના કલ્યાણની કે પરમાત્મા સામે ઊભા રહેવાની, ત્યારે તો આ ત્યાગ જ સૌથી મોટી ડિગ્રી હશે કે નહીં).

૪. શક્ય છે કે તમે એવું કામ કરો છો, એવા પદ પર છો, જ્યાં બીજું કોઈ આવવા તૈયાર જ નથી. (આવા સંજોગોમાં જ્યાં સુધી કોઈ અન્ય એ સ્થાન પર આવવા તૈયાર ના થઈ જાય, ત્યાં સુધી એ પદ પર ટકી રહેવું, એ મોરચો સંભાળી રાખવો. એ જ આપનો ધર્મ છે).

છેલ્લે...

વાત ધંધામાં વધુ ને વધુ કમાવવાની હોય કે કુટુંબમાં પૂરેપૂરી સત્તા પોતાના હસ્તક રાખવાની હોય કે ઑફિસમાં પોતાનો વિટો પાવર ટકાવી રાખવાની હોય કે કાઈ સંસ્થામાં પદ કે હોદ્દો સંભાળવાની હોય...

પરિવારમાં કે ઑફિસમાં કે સમાજમાં કે અન્ય કોઈ પણ જગ્યા કે સ્થિતિમાં, જ્યાં પણ છો, ત્યાં એકવાર થોભો અને વિચારી જુઓ, કે શું તમે ''જો પ્રાપ્ત હૈ, પર્યાપ્ત હૈ''ની નિર્વાણ કક્ષાએ પહોંચી ગયા છો ? જો તમને તમારા આત્માનો જવાબ ''હા'' માં મળે તો એક આત્મપરીક્ષણ કરો અને અન્યો માટે જગ્યા બનાવી એ સ્થાન રિક્ત કરવા તરફ આગળ વધો.

(આ બાબત આપણને સૌને કોઈ ને કોઈ રીતે સ્પર્શે છે, આવરી લે છે, એટલે આપ સૌના આ વિષેના વિચાર, પ્રતિભાવ, પ્રતિસાદને પગદંડીમાં આવરી લેવા અમે આતુર છીએ.)

**- સંજય ચંદન વિસનજી છેડા**

- રતાડિયા ગણેશવાલા, **મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

---


# મુલચંદ લાલજી એન્ડ કાં.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai-400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai-400 001.

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com



※ ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન ※

# વિચારકણિકા

## કૌશલ્ય વિકાસ - SKILL DEVELOPMENT

ભારત આજે વિકસિત રાષ્ટ્ર બનવાની તૈયારી કરી રહ્યું છે અને આ અઘરા પડકારને પહોંચી વળવા ખૂબ જ તૈયારી કરવાની રહશે. છેલ્લાં ૨૫-૩૦ વર્ષમાં ભારત આ લક્ષને પહોંચી વળવા ખૂબ જ મહેનત કરી રહ્યું છે, પણ આજે વિશ્વના અર્થતંત્ર ઉપર મંદીનાં વાદળો ઘેરાઈ ગયાં છે. વિશ્વના કેટલાક દેશો વચ્ચે ચાલુ રહેલ યુદ્ધ કદાચ ભવિષ્યમાં વિશ્વયુદ્ધમાં ફેરવાઈ ન જાય તો સારું. ભારતીય અર્થતંત્રને વિકસિત રાષ્ટ્રનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે ભારતની આશા તેના યુવાનો દ્વારા શિક્ષણ અને કૌશલ્યમાં રોકાણ પર આધારિત છે. આપણા યુવાનો ભારતની અને વિદેશની વિખ્યાત યુનિવર્સિટીમાં ભણીને દુનિયાની વિખ્યાત કંપનીમાં કામ કરે છે અને એમનું સુકાન પણ સંભાળી રહ્યા છે. સન ૨૦૦૦થી પ્રતિ વર્ષ સરેરાશ 7% લાંબા ગાળાની GDP વૃદ્ધિને પ્રોત્સાહન આપવું જરૂરી છે, પરંતુ આ માટે આપણે દરેક સ્તરે કૌશલ્ય પર ધ્યાન રાખવું પડશે અને હાલના તબક્કે આપણે એમાં પાછળ છીએ. ભારતમાં દર વર્ષે ૮૦ થી ૯૦ લાખ યુવાનો યુનિવર્સિટીઓમાંથી સ્નાતક થઈ બહાર પડે છે, પણ તેમાંથી મોટા ભાગના પાસે રોજગારી મેળવવા માટે જરૂરી કૌશલ્ય નથી. ભારતીય અર્થતંત્રની વૃદ્ધિ માટે લાખો મહત્ત્વાકાંક્ષી યુવાનોને પૂરતું કૌશલ્ય આપવું બહુ જ જરૂરી છે. લાખો યુવાનો એન્જિનિયરિંગ કે મૅનેજમેન્ટ ડિગ્રી ધરાવે છે, પણ તેમની પાસે પૂરતી કુશળતા નથી. ભારત દર વર્ષે વિક્રમી સંખ્યામાં (લગભગ ૧૨ થી ૧૫ લાખ) એન્જિનિયર પેદા કરે છે, પણ એમાંથી ફક્ત અને ફક્ત ૧૦% સ્નાતકો એન્જિનિયર તરીકે રોજગારીને લાયક હોય છે.

અને હવેનો જમાનો AIનો થવાનો છે અને એના માટે આગામી ૩ થી ૫ વર્ષમાં ૧૦-૧૫ લાખ કૌશલ્ય સજ્જ યુવાન એન્જિનિયર્સની જરૂર પડવાની અને આપણને હવે એવી એન્જિનિયરિંગ કૉલેજોની જરૂર પડશે કે જે આ પડકાર માટે સજ્જ હોય અને આવું પગલું સમયસર નહીં ભરીએ તો દર વર્ષ લાખો બેરોજગાર એન્જિનિયરોની ફોજ ઊભી થશે જે

એક ખૂબ જ ચિંતાજનક બાબત થઈ જશે. ઉપરોક્ત દાખલો ફક્ત યુવાન એન્જિનિયરો માટે નથી. અભ્યાસનાં દરેક ક્ષેત્રે આવા પડકારો ઊભા થવાના છે. તાજેતરમાં આપણા કચ્છી યુવાને પોતાની હોટેલના રસોડામાં AI સજ્જ રોબોટની મદદ લેવાનું શરૂ કરેલ છે. એટલે ભવિષ્યમાં AI આપણી કેટલીય નોકરીઓ છીનવી લેવાનું છે. જો આપણે આપણા યુવાનોને દરેક ક્ષેત્રે AI સજ્જ કૌશલ્યનું જ્ઞાન આપીશું, તો કદાચ આફતને અવસરમાં બદલી શકીશું. આર્થિક વૃદ્ધિ માટે આપણને અદ્યતન ટેક્નૉલૉજી સજ્જ યુવાનો તૈયાર કરવા પડશે. કદાચ આપણુ યુનિવર્સિટી લેવલનું શિક્ષણ આ માટે પૂરતું ન હોય તો આપણે આપણા યુવાનો માટે Skill Developmentના વિવિધ અભ્યાસક્રમો તૈયાર કરવા આ માટેના તજ્ઞ નિષ્ણાતોની સલાહ લેવી પડશે. અને એ માટે વખતોવખત એમને આ પ્રશિક્ષણ આપવાનો પ્રબંધ પણ કરવો પડશે. આ સહિયારા પ્રયાસથી જ આપણે સામાજિક સમતુલા જાળવી શકીશું. આજે આપણા સમાજમાં બહોળી સંખ્યામાં યુવાનો ઔદ્યૌગિક ક્ષેત્રે આગળ છે. એમને પણ પોતપોતાના ક્ષેત્રે જો વૃદ્ધિ કરવી હશે તો એમના ટેક્નીકલ સ્ટાફને આ કૌશલ્યની ટ્રેનિંગ સતત આપવી પડશે અને આ વાત દરેક ધંધાને લાગુ પડવાની છે. મેડીકલ ક્ષેત્રે AI અને રોબોટનું આગમન થઈ ચૂક્યું છે. કાયદાકીય જગતમાં AIનું વર્ચસ્વ વિદેશોમાં વધતું ગયું છે.

હવે આપણા વિદ્યાર્થીઓ જે હાલમાં અનેક ક્ષેત્રોમાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે એમને પોતપોતાના ક્ષેત્રે જો આગવું સ્થાન મેળવવું હશે તો હમણાંથી જ પોતાના અભ્યાસ સાથે Skill Developmentના અલગ અલગ વિષયોમાં કોર્સ કરી પોતાની જાતને પારંગત કરવી પડશે. આવનારાં વર્ષોમાં AIની મદદથી વિકાસકાર્યો ખૂબ જ ઝડપથી વધશે અને ટેક્નૉલૉજી જલ્દીથી જૂની થઈ જવાની. દેશની ઘણી રાજ્ય સરકારો એ આ વિષય ઉપર ગંભીરતાથી વિચાર કરી યુનિવર્સિટી અભ્યાસક્રમોને Update કરવાનું શરૂ કરી દીધું છે. મહારાષ્ટ્ર રાજ્યના કૌશલ્ય વિકાસ માટે એક અલગ યુનિવર્સિટી સ્થાપીને એને ભારતીય ઉદ્યાગ ક્ષેત્રની મહાન વ્યક્તિ શ્રી રતન ટાટાનું નામ આપવાનું નક્કી કરેલ છે. આ યુનિવર્સિટી દ્વારા કુશળ માનવબળની હાજરીના લીધે નવા ઉદ્યોગો સ્થાપવાનું સરળ બનશે.

આમ કૌશલ્ય વિકાસને ધ્યાનમાં રાખી આપણી સામાજિક સંસ્થાઓ પણ આપણા યુવાનો માટે યોગ્ય ઉપાયો વિચારશે એવી આશા.

**મો. : ૯૩૨૨૯૫૫૮૮૦**

INCREDIBLE INDIA

# રૉયલ એન્કલોઝર (Royal Enclosure)

## એક ગૌરવવંતું હિંદુ સામ્રાજ્ય વિજયનગર, હમ્પી,




વિજયનગર સામ્રાજ્ય જેવા સમૃદ્ધ સામ્રાજ્યનો અતિ મહત્ત્વનો હિસ્સો એટલે **રૉયલ એન્કલોઝર** જે એક મોટો કોમ્પ્લેક્સ છે જેમાં અહીંના રાજવંશોએ રાજ કર્યું. એમના રાજમહેલ, રાજદરબાર, રાજ્યકોષની ઈમારત, મહેલો માટે પાણીની ટાંકીઓ (પુષ્કરણી), આજુબાજુનાં રાજ્યમાંથી દુશ્મન રાજાઓના આક્રમણથી સુરક્ષિત રહેવા અંદર અને બહારની દરેક હિલચાલ પર ધ્યાન રાખવા ઊંચા વૉચ ટાવર, ધાર્મિક અનુષ્ઠાનો અને નવરાત્રિ, હોળી, દિવાળી જેવા તહેવારોની ઉજવણી નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા માટેના કલાત્મક વિશાળ રંગમંચ જેવાં નાનાં-મોટાં ૪૫ જેટલાં સ્થાપત્યો આવેલ છે, જે આજે ફક્ત જીર્ણ અવશેષરૂપે પોતાની હાજરી નોંધાવે છે.

આ રૉયલ સંકુલને સુરક્ષાનું કવચ પૂરું પાડતા સંકુલની ચારેતરફ બાંધવામાં આવેલી કિલ્લા જેવી જાડી અને મજબૂત પથ્થરની બે દીવાલો પણ ઘણુંબધું કહી જાય છે. અહીંનો વિશાળ રંગમંચ અને નીચે ભોંયતળિયેથી પાછળ બેક-સ્ટેજ પર આવવા



માટે બનાવેલી સીડીઓ આવેલી છે. એ વખતે જાતિવાદ પ્રથા અસ્તિત્વમાં હોવાથી વિવિધ જાતિઓ માટે કાર્યક્રમ નિહાળવા. સામાજિક મોભા પ્રમાણે બેસવાની વ્યવસ્થા જોવા મળે છે. રૉયલ એન્કલોઝરમાં આવેલ રાજવંશ પરિવાર માટેની ખાસ ગ્રેનાઈટથી બનેલી કલાત્મક પુષ્કરણી (હોજ જેવી, પાણીનો સંગ્રહ કરતી) અને તેમાં ભરવામાં આવતું તુંગભદ્રા નદીથી પથ્થરની કેનાલ દ્વારા લઈ અવાતું પાણી એક અદ્‌ભુત સિસ્ટમ છે. ‘અહીં પુરાતત્ત્વ વિભાગે રાજવંશો દ્વારા જમવા માટે વપરાતા પથ્થરના મોટા ૨X૨ ફૂટના થાળ મૂક્યા છે જેમાં ચાર ખૂણામાં ચાર વાટકીઓ કંડારવામાં આવી છે. આ સંકુલમાં રાજદરબાર ભરાતો જ્યાં રાજા, મંત્રીઓ, સેનાધ્યક્ષો સાથે ગુપ્ત બેઠક કરતા.

રૉયલ એન્કલોઝર ના બીજા હિસ્સામાં પ્રવેશ કરતાં જ સામે એક મોટી ઈસ્લામિક સ્ટાઈલનું બાંધકામ ધરાવતી ઈમારત આવેલી છે જે વિજયનગર સામ્રાજ્યનો રાજકોષ (Treasury) હતો અને અહીં રાજ્યની સંપત્તિ રાખવામાં આવતી. આ ઈમારતની સામે વિશાળ લોન ધરાવતા ગાર્ડન પાસે ૪૬X૨૯ મીટરનો વ્યાપ ધરાવતો કલાત્મક કોતરકામવાળો પ્લૅટફૉર્મ આવેલો છે. જે હકીકતમાં વિજયનગર સામ્રાજ્યની મહારાણીના એક વખતના આલીશાન મહેલનો પાયો છે.



રાણીના આ મહેલની પાસે એક ઈન્ડો ઈસ્લામિક સ્ટાઈલમાં બંધાયેલો લાલ કલરનો ''હવામહેલ'' નજરે પડે છે, જે ''લોટસ મહેલ'' તરીકે પણ ઓળખાય છે. આ એકમાત્ર સુંદર સ્થાપત્ય છે જે આ એન્કલોઝરના ભવ્ય ઈતિહાસના પ્રતિક રૂપે અડીખમ ઊભો છે. સામે આવેલી પુષ્કરણીમાંથી અહીં પાણી આવતું અને મહેલની ચારેબાજુ કેનાલમાં ભરાઈ રહેતું. આ હવામહેલની એવી વૈજ્ઞાનિક પધ્ધતિથી રચના કરવામાં આવી છે કે ઉપર પહેલા માળે આવેલા રાણીના આલીશાન મહેલમાં અમુક દિશાએથી હવા આજના ઍર-કંડીશનરની જેમ ઠંડક આપતી. હમણાં આ મહેલમાં જવાની પરવાનગી નથી તેથી ફક્ત ફોટા પાડીને સંતોષ માનવો પડે છે. આ સંકુલમાં કલાત્મક વૉચ ટાવર તમારું ધ્યાન જરૂર આકર્ષિત કરશે.

હવામહેલથી જરાક આગળ જઈએ ત્યાં મોટી દીવાલમાં બનાવેલા એક દરવાજામાંથી દાખલ થઈ અંદર જવાય છે. જ્યાં અગિયાર મોટા દરવાજા વાળા ગાળા જેની ઉપર અગિયાર વિશાળ ગુંબજવાળી સુંદર ઈસ્લામિક સ્ટાઈલના બાંધકામવાળી લાંબી ઈમારત દેખાય છે. આ ઈમારતમાં વિજયનગર સામ્રાજ્યના રાજાઓના ૧૧ હાથીઓ રાખવા માટેની જગ્યા હતી. આ રજવાડી ભવ્યતા અને રાજાઓનો પ્રાણી પ્રત્યેનો લગાવ તમને સ્તબ્ધ કરી દેશે. આવા મહેલ જેવા રહેઠાણમાં હાથીઓને જ્યારે ધાર્મિક અનુષ્ઠાનો કે શોભાયાત્રા માટે સોનાનાં ઘરેણાંથી શણગારવામાં આવતા હશે ત્યારે કેવો માહોલ થતો હશે એ કલ્પના માત્રથી રોમાંચ અનુભવી શકાય છે. આ ઈમારતની જોડાજોડ બીજી ઈમારત બાંધવામાં આવી છે જેમાં આ ગજરાજોની સંભાળ રાખતા મહાવતોને રહેવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી જેથી એમાં કોઈ કચાશ ન રહે.

અહીં આગળ લગભગ ૪૦૦-૫૦૦ મીટરના અંતરે ત્રણ-ચાર જીર્ણ અવસ્થામાં ઊભેલાં મંદિર છે. કોઈક પાસેથી ત્યાં પાર્શ્વનાથ જૈન મંદિર છે એવું જાણવા મળતાં આ જૈન મંદિર જોવાની લાલચ અને જિજ્ઞાસા રોકી ન શક્યા અને ત્યાં પહોંચ્યા, પણ ખૂબ જ ખંડિત થયેલા અને ફક્ત અવશેષોરૂપી મંદિરના ફોટા કાઢી સંતોષ માનવો પડ્યો. અંતે ફરીથી એક વાત કહીશ કે વિજયનગર સામ્રાજ્યનાં અદ્‌ભુત સ્થાપત્યોની મુલાકાત જરૂર લેવી રહી.

*ફોટો અને માહિતી :*
*કિરણ વિસરિયા (કોટડા રોહા)*
*મો.: ૯૩૨૨૨ ૩૪૮૪૭*



# પગ મેં ભ્રમરી

લીલાધર માણેક ગડા-અધા

## કેરાલાથી બિહાર- સુધાબેનની સેવાયાત્રા

સોળ વર્ષની યુવાન કન્યા સુધા પોતાનાં માતા-પિતાને વિનંતી કરતી હતી, કે તેઓ એને ગરીબ લોકોની સેવા કરવાનો, એમની માટે કંઈક કરવાની રજા આપે. આ વાત ૧૯૬૦ના વર્ષની છે. દીકરી આટલી નાની વયે સેવાકીય પ્રવૃત્તિ કરે એમાં મા-બાપને રાજીપો હતો, પરંતુ દીકરી સુધા કેરાલાના કોટ્ટાયમ્ જિલ્લાના મંજુર શહેરથી આશરે ૨૫૦૦ કિલોમીટર દૂર બિહાર રાજ્યનાં મુંગેર જિલ્લાનાં કોઈ નાના ગામમાં રોકાઈ ત્યાંની પ્રજા સાથે, એમની માટે કામ કરવાની રજા માગતી હતી. સોળ વરસની દીકરીને આટલે દૂર સમાજસેવાનું કામ કરવાની માવિત્રો રજા કેવી રીતે આપે ?



સુધા કેરાલામાં ખ્રિસ્તી પરિવારનાં છ ભાંડરુંઓમાં સૌથી મોટી દીકરી હતી. એણે વર્તમાનપત્રો અને મૅગેઝીનોમાં બિહારની ગરીબી વિષે ઘણું વાંચ્યું હતું. સુધાને બિહારની મહાદલિત પ્રજા (મહાદલિત એટલે દલિતોના દલિત)ની આર્થિક તથા સામાજિક સ્થિતિ જાણી, આ સમુદાય માટે કશુંક કરવાની ઈચ્છા જાગૃત થઈ હતી. પોતાના ગામમાંથી છેક બિહાર નર્સ તરીકે નોકરી કરતી યુવતીઓ પાસેથી મહાદલિત મુશહર સમુદાયની વાતો સાંભળી અને સુધાની સેવા કરવાની ઈચ્છા નિર્ણયમાં પરિણામી. સુધા બાળપણથી સ્વભાવે જિદ્દી હતી, એટલે એણે પોતાના વડીલો પાસે બિહાર જવા માટે રજા આપવાની માગણી મૂકી નહીં. આખરે દાદાએ પહેલી સહમતી આપી અને માતા-પિતાએ પણ કચવાતા મને સુધાને રજા આપી. કેરાલામાં કોટ્ટાયમ્ જિલ્લામાં મંજુર ગામથી બિહારનાં મુંગેર જિલ્લામાં નર્સ તરીકે નોકરી કરતી મહિલાઓ સાથે સુધા બિહાર આવી. અહીં ગામમાં મહાદલિત મુશહરોના વાસને

ટોલા કહે છે અને સુધા દિવસ આખો ટોલામાં રહેતી અને સાંજે નર્સોના નિવાસે પહોંચી જતી. જમવા અને રહેવાની સગવડ થઈ હતી એટલે સુધાને કાર્ય કરવાની સરળતા મળી.

બે વર્ષ સુધી સુધાએ મુશહર સમાજના રીત-રિવાજો, સામાજિક બંધનો, જીવનશૈલી, ગરીબી અને શોષણ ઈત્યાદિનો અભ્યાસ કર્યો. બે વર્ષમાં સુધાએ હિંદી ભાષા શીખી લીધી અને તેણે મુશહર સમાજની વાતચીતની બોલી પણ શીખી જે શુદ્ધ હિંદીથી ભિન્ન હતી. લગન અને હોંશથી એણે આ બધું કામ કર્યું જેથી એને શીખવામાં કોઈ તકલીફ પડી નહીં. બે વર્ષ પછી સુધાએ એની ૧૯ વર્ષની વયે આ સમાજ વચ્ચે રહી, બાળકોના શિક્ષણ અને મહિલાઓના રોજગાર માટે કામ શરૂ કર્યું ત્યારથી સંઘર્ષ શરૂ થયો. મુશહર સમુદાયના જુદાજુદા ટોલાઓમાં મહિલાઓ સાથે મિટિંગો લીધી ત્યારે પુરૂષો તરફથી વિરોધ શરૂ થયો. ત્રણ વર્ષ દરમ્યાન એમની કાર્યવાહી દરમ્યાન એને જ્ઞાન થયું કે મારે આ સમુદાયની ભલાઈ માટે જીવન આપવું પડશે, આયખું આખું કામ કરવું પડશે અને સૌથી વિશેષ જરૂરત હતી કે મારે સ્વયં મારો અભ્યાસ પૂરો કરવો જોઈશે, મારે કમ સે કમ ગ્રૅજ્યુએટ થવું પડશે. સુધાએ એની ૨૧ વર્ષની ઉંમરે માયસોર યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કર્યો અને ગ્રૅજ્યુએશન પૂરું કરી ફરી પાછું બિહાર આવી મહાદલિત મુશહર સમુદાય સાથે ફરી સેવા કાર્ય શરૂ કર્યું અને ત્યાર પછીની સુધાબેન વર્ગીસની કહાની એમના શબ્દોમાં...

''હું ગ્રૅજ્યુએટ થઈ ૧૯૮૦માં ફરી પાછી મુંગેર આવી. હવે મારી પાસે યુનિવર્સિટીની ડિગ્રી, આ સમુદાયના વિવિધ પ્રશ્નોનો અભ્યાસ, શેષ જીવન આ સમુદાય સાથે રહી એમના માટે અર્પણ કરવાનો સંકલ્પ, હોંશ, ધગશ અને નિષ્ઠાના ત્રિવિધ ગુણો... આટલા ભાથા સાથે મારી ૩૫ વર્ષની ઉંમરે ખરેખરું કાર્ય શરૂ કર્યું. અહીં મહિલાઓને રેંટિયા અને સીવણની તાલીમ આપી જેથી હવે પોતાની આજીવિકા કમાવવાનું શરૂ કર્યું. પાંચ વર્ષ પછી મેં પટણા જિલ્લાનાં દાનાપુર તહસીલમાં આશોપુર ગામમાં કામ શરૂ કર્યું. પ્રથમ વખત ગામમાંથી ૧૯ બાળકોને સરકારી શાળામાં દાખલ કરાવ્યાં. અત્યાર સુધી આ બાળકોનાં માત્ર શાળાનાં રજિસ્ટરમાં નામો નોંધાયેલાં હતા અને એમને મળતી શિષ્યવૃત્તિ વચેટિયાઓ ખાઈ



જતા હતા. એમણે મારા ઉપર નક્સલવાદી હોવાનો આરોપ મુક્યો. ગામમાં ઘણી ખટપટ કરી અને મારે નિરાશ થઈ ગામ છોડવું પડ્યું, પરંતુ હું હિંમત હારી નહીં. દાનાપુર તહસીલના એક અન્ય ગામ જામસોતમાં મેં કામ શરૂ કર્યું. અહીં મેં નારીગુંજન સંસ્થાની સ્થાપના કરી. અમારી સંસ્થામાં એ વિસ્તારની થોડી મહિલાઓ પણ જોડાઈ અને ધીરેધીરે નારીગુંજન સંસ્થાના ૨૫ ગામડાઓમાં કેન્દ્રો શરૂ થયા. અમારા ત્રણ મુખ્ય કાર્યો હતા. ૧) બાળકોને શિક્ષણ માટે શાળામાં દાખલ કરાવવા અને સરકાર તરફથી મદદ એમને જ મળે એવી વ્યવસ્થા ઊભી કરવી. ૨) મહિલાઓને રોજગારી માટે તાલીમ આપી એમને માટે રોજગારીની તકો ઉભી કરવી જેથી સ્વાવલંબન તરફ આગળ વધે ૩) મહિલાઓને ઘરેલું હિંસાનો ભોગ બનતી બચાવવી.

આ કાર્ય કરતાં કરતાં મને લાગ્યું કે મહિલાઓને અવારનવાર કાયદાકીય રક્ષણ મળવું જરૂરી હતું. જેથી મેં બાહ્યવિદ્યાર્થી તરીકે લૉ ગ્રૅજ્યુએટ થવાનું નક્કી કર્યું અને ૧૯૮૯માં કાયદાના સ્નાતક તરીકે ડિગ્રી પ્રાપ્ત કરી અને પરિણામે હું ઘણી મહિલાઓને કાયદાકીય સલાહ આપી શકતી, એમની જરૂરી કાનૂની લડતો પણ લડી શકતી. ધીરેધીરે અમારી સંસ્થાનું કાર્યક્ષેત્ર પણ વધતું ગયું. પટના જિલ્લાની લગભગ બધી તહસીલોમાં નારીગુંજન શાળાઓ શરૂ થઈ. અમારી પ્રવૃત્તિઓનાં લાભાર્થી મહિલાઓ અને બાળકો સાથે હવે કિશોરીઓ પણ આવી. અમે નારીગુંજન પ્રવૃત્તિઓમાં અનાથ બાળકો અને ઘરેલુ હિંસાનો ભોગ બની, ગૃહત્યાગ કરતી મહિલાઓ માટે આશ્રયસ્થાન શરૂ કર્યાં. હવે નારીગુંજન સંસ્થાની શાખ અને ગુડવીલ પણ વધવા લાગી. બિહાર સરકારે આંગનવાડી



અને પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાનું કાર્ય પણ સંસ્થાને સોંપ્યું મહાદલિત બાળકીઓ ગામડાંમાં માત્ર પ્રાથમિક શાળા અભ્યાસ કરી શકતી હતી. માધ્યમિક શિક્ષણની ગામડાંમાં જોગવાઈ ન હોતાં એમનો અભ્યાસ ત્યાં જ અટકી પડતો હતો. બિહાર સરકારે આ દીકરીઓ આગળ ભણી શકે તે માટે સુધાબેનની સંસ્થા નારીગુંજનને પટના અને બોધગયામાં હૉસ્ટેલો શરૂ કરવા અનુરોધ કર્યો અને તે માટે જગ્યા અને ફંડ ફાળવ્યાં. આ બન્ને સ્થળોએ ૧૫૦ દીકરીઓ માટેની હૉસ્ટેલ સુવિધા ઊભી થઈ.



નારીગુંજન સંસ્થાએ બિહાર રાજ્યના અન્ય જિલ્લાઓમાં પોતાની પ્રવૃત્તિની પાંખો પસારી. સુધાબેન વર્ગીસની કામગીરી પ્રત્યે કેન્દ્ર સરકારનું ધ્યાન ગયું અને ૨૦૦૬માં ભારત સરકારે રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ આઝાદના શુભ હસ્તે સુધાબેનને પદ્મશ્રી એવૉર્ડ એનાયત કર્યો. બે વર્ષ પછી બિહાર સરકારે અસ્મિતા સન્માન એવૉર્ડ સુધાબેનને આપ્યો.

અત્યારે નારીગુંજન સંસ્થા બિહાર રાજ્યનાં સારણ, છપરા, ગયા, પૂર્ણિયા જિલ્લામાં કાર્યશીલ છે. નારીગુંજન સંસ્થાને બીલ ગેટ્સ ફાઉન્ડેશન, યુનીસેફ જેવાં ઑર્ગેનાઈજેશનો કુપોષણ, મહિલા સશક્તિકરણ, કિશોરી શિક્ષણ જેવી પ્રવૃત્તિઓ માટે અનુદાન આપે છે. મહાદલિત મુશ્હર સમુદાયની દીકરીઓ રમતગમતમાં આગળ આવે તે માટે તથા વિજ્ઞાન વિષય સાથે ભણતી દીકરીઓ માટે સાયન્સ લૅબોરેટરી શરૂ કરવા બિહાર પાવર ગ્રીડ કંપનીએ CSR ફંડમાંથી માતબર રકમ ફાળવી છે. મહિલા





આજીવિકા આયોજન માટે ઉષા ઈન્ટરનૅશનલ ફાઉન્ડેશને વિશિષ્ટ સીલાઈ વર્ગો શરૂ કર્યા છે અને રોજગારી માટે દરેક મહિલાને સીલાઈ મશીન આપવામાં આવે છે.

સુધા વર્ગીસ યુવાન કન્યા ૧૯૬૦માં બિહાર આવી. ૧૯૯૦ પછી એણે સઘન પ્રવૃત્તિઓ શરૂ કરી. ૧૯૮૦ થી ૨૦૨૪, છેલ્લા ચુમ્માલીસ વર્ષોમાં એમની સંસ્થા નારીગુંજને જે કાર્યો કર્યાં છે તેની આછેરી ઝલક જોઈએ.

- મહાદલિત મુશહર સમુદાયનાં ૪૦ હજાર બાળકોને શાળાઓમાં ભણતાં કર્યાં.
- પાંચ હજારથી વધારે દીકરીઓ સાત ધોરણથી આગળ ભણી.
- આશરે છ હજાર મહિલાઓને રોજગારલક્ષી તાલીમ આપી એમને સ્વાવલંબી બનાવી.
- એક હજાર બાળકોને બાળમજૂરી શોષણ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાંથી મુક્ત કર્યાં.
- પાંચસોથી વધારે મુશહર યુવાનોને પ્રાથમિક તાલીમ આપી ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે તથા અન્ય પોલીસ વિભાગમાં ભરતી કરાવ્યા.
- મહિલાઓનાં શોષણ, ઘરેલુ હિંસા, બળાત્કાર જેવા સેંકડો કેસો લડી એમને ન્યાય અપાવ્યો.

✪ ખેતી સુધારણા કાર્યક્રમ હેઠળ ઘણા ખેડૂતોની આવક બમણી થઈ.

✪ મહિલાઓને ઑટોરિક્ષા માટે તથા અન્ય વ્યવસાયો માટે હળવા વ્યાજની લોનો અપાવી.

એમણે જેજે કાર્યો કર્યાં છે એની નોંધ ઘણી લાંબી છે. આજે એંસી વર્ષની ઉંમરે પણ સુધાદીદી દસ થી બાર કલાક કામ કરે છે. વર્ષ ૨૦૨૩નું કમ્યુનિટી ડેવલપમેંટ માટેનું જમનાલાલ બજાજ પારિતોષિક સુધોબેન વર્ગીસને આપવામાં આવ્યું હતું. પારિતોષિક એનાયત સમારંભમાં સુધાબેનને મળવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. વાતચીત દરમ્યાન મેં એમને કચ્છ આવવાનું નિમંત્રણ આપ્યું જે એમણે સહર્ષ સ્વીકાર્યું. ભોજાય સર્વોદય ટ્રસ્ટમાં નવનીત મેગા મેડિકલ કૅમ્પના સમાપન સમારોહમાં અમે આવી કર્મઠ વ્યક્તિઓને નિમંત્રીએ છીએ.

ભોજાય સર્વોદય ટ્રસ્ટનો અભિવાદન અને સમાપન સમારોહ શનિવાર, ૪ જાન્યુઆરી, ૨૦૨૫ના સાંજે ૪.૦૦ કલાકે યોજવામાં આવ્યો છે. આ પુનિત પ્રસંગે સુધાબેનનાં પાવન પગલાં અમારી સંસ્થાના પ્રાંગણમાં પડશે અને અમારા માટે એ ધન્ય ઘડી હશે.

મો. : ૯૮૭૯૫૦૬૦૬૯

Since 2000
100% Pure Vegetarian

श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी

Our Products
*Bakery & Confectionery • Cakes & Patisserie*
*Indian Sweets • Hot Farsan*
*Dry Farsan • Low Calorie Food (Diet Food)*

**100% PURE JAIN PRODUCTS**

3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
✆ 72 77 88 33 55 / 800 9955 443



# ધનનો લોભ અને મોહ

✲ હેમા વીરા ✲

ધનનો લોભ અને મોહ સજ્જનને પણ દુર્જન બનાવી દે છે. જેમ રથનાં ચક્રો ફરતાં રહે છે, તેમ ધન પણ અલગઅલગ વ્યક્તિઓ પાસે આવતું અને જતું રહે છે. લક્ષ્મી એક સ્થાન પર સ્થિર રહેતી નથી, કારણકે લક્ષ્મીનો સ્વભાવ ચંચળ છે. હિન્દુ શાસ્ત્રકારોએ ધનનું મહત્ત્વ સ્વીકાર્યું છે. જેમ મનુષ્યમાં પુત્રેષણા રહેલી છે તેમ ધનેષણા પણ વર્તમાન છે. ધનપ્રાપ્તિના સર્વ પ્રયત્નોમાં મોહ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અભિમાન, ભય અને ઉદ્વેગ એ ધને સર્જેલાં દુઃખો માનવામાં આવે છે. મનુષ્યને ધનનો દાસ થવાનું મંજૂર છે. જે ધનવાન હોય તે આદરમાન ગણાય છે. જ્યારે નિર્ધન વ્યક્તિની ઉપેક્ષા થાય છે.

પ્રાપ્ત થયેલા ધનના ઉપયોગમાં બે બાબતો યાદ રાખવી જોઈએ, અપાત્ર કે કુપાત્રને ધન ન આપવું અને સુપાત્રને ધન આપવું. એક દિવસ એવો આવવાનો જ છે. જ્યારે આ ધનને છોડવું પડશે, પણ આ વાત સમજનાર કયો મનુષ્ય ધનની ચિંતા બંધ કરશે?

ધનની પ્રાપ્તિ જુદા જુદા પ્રકારે થાય છે. વારસાથી, ભાગ્યથી અથવા ભાગ્યની અનુકૂળતાથી અથવા ધન માટે કરવામાં આવેલ સતકામ પ્રયત્નથી. ધર્મનું પાલન કરતાં કરતાં મેળવેલું ધન એ જ સાચું ધન છે. જે અધર્મ એટલે કે ગૈરરીતિઓથી ધન પ્રાપ્ત કર્યું હોય તે ધિક્કારપાત્ર છે. સારાંશ એ જ કે ધર્મના માર્ગે ધન પ્રાપ્ત કરો. હકીકતમાં ધનને પાંખ પણ હોય છે. ધનપ્રાપ્તિમાં અધર્મ ભળે એટલે લક્ષ્મીજી બિસ્તરાપોટલા બાંધવા માંડે છે. ધનનું અર્જણ વર્ધન અને રક્ષણ કરવું જોઈએ.

લક્ષ્મીજીને લૉકર કે તિજોરીમાં કેદ થવું ગમતું નથી. પરિગ્રહ કરો અને લક્ષ્મીને કેદ કરો એટલે લક્ષ્મી નારાજ થાય છે. એટલે ધન આવ્યા છતાં સંયમમાં રહે એ સાચો મનુષ્ય. પરસેવાની કમાણી ભલે અલ્પ હોય પણ તે લાખેણી છે. પરિગ્રહવૃત્તિ મનુષ્યને અશુદ્ધ માર્ગે દાન એકઠું કરી લેવાની સલાહ આપે છે. ધનના લોભમાં મનુષ્યની આસક્તિ કામ કરે છે. વંશ વારસદારોને સુખી બનાવવાની વૃત્તિ, માન-સન્માન અને કીર્તિ પ્રાપ્ત કરવાની મનોકામના, પંચમાં પૂછાવાની ભાવના, પદ, પ્રતિષ્ઠા, ઉચ્ચ હોદ્દા ની પ્રાપ્તિ વગેરે મનોરથો કામ કરતા હોય છે, એટલે મનુષ્ય ધનપ્રાપ્તિ માટે ધમપછાડા કરે છે.

ધનનો સદુપયોગ કરવાની શ્રેષ્ઠ ભાવના મનુષ્યને ભામાશા બનાવી પ્રતિષ્ઠિત કરે છે. કલા ખાતર આચરેલું ધન મનુષ્યને વસ્તુપાળ તેજપાળ બનાવી શકે છે, પણ ધનની લાલચ મનુષ્યને ત્યાગવૃત્તિ કેળવવા દેતી નથી અને

મનુષ્ય ધન ખાતર મોહાંધ બને છે. જેના હાથમાં ધન છે તે ધનના રક્ષક છે, સ્વામી નહીં.

સજ્જનની પ્રશંસા કરતાં કહેવામાં આવ્યું છે કે સત્સંગની ઈચ્છા, પારકાના ગુણોની પ્રીતિ, વડીલોની તરફ નમ્રતા વિદ્યા પ્રત્યે આદર, પોતાની પત્ની તરફની પ્રીતિ, લોકનિંદાનો ભય, પરમાત્માની ભક્તિ, પોતાના ચિત્તને વશમાં રાખવાની શક્તિ અને દુર્જનોના સંગનો ત્યાગ, આટલા નિર્મળ ગુણો જે મનુષ્યમાં હોય તે નમસ્કારને પાત્ર. મનુષ્ય અહંકારને કારણે ધનને જ ધર્મ માને છે. આવા મનુષ્ય વર્તમાનને જ સર્વસ્વ માને છે. આવતી કાલે ધન પણ વિદાય થઈ શકે છે. એવી ઊંડી સમજની તેઓ ઉપેક્ષા કરે છે.

મનુષ્યનું નામ અને કીર્તિ અમર છે, કારણકે તે નષ્ટ થતી નથી, પરંતુ નાણાં એ અસ્થિર છે. કહેવાયું છે કે યોગ્ય વ્યક્તિને દાન આપવાથી મનુષ્ય સાચા અર્થમાં ધનાઢ્ય બને છે. તે ધનના પ્રભાવથી ફરી ફરી પુષ્પીય કર્મ કરે છે તેને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.

ધનના અનેક દોષો અને મર્યાદાઓ જાણવા છતાં મનુષ્ય ધનેષણાને કેમ રોકતો નથી. ગેરમાર્ગે પ્રાપ્ત કરેલું ધન સનમાર્ગે પ્રાપ્ત કરેલા ધનને પણ પોતાનો શિકાર બનાવે છે. તેમ છતાં મનુષ્ય ધનેષણાને રોકી શકતો નથી, એનું મુખ્ય કારણ મનુષ્યમાં વિવેક એટલે કે સારા-નરસાને ભેદ પારખવાની દૃષ્ટિનો અભાવ છે. ''આંસુ અને મુસ્કાન''માં ખલીલ જિબ્રાને એક સરસ વાત કરી છે : ધન તારવાળા યંત્ર જેવું છે. જે તારવાળા યંત્રનો ઉપયોગ કરવાનું નથી જાણતું તેનું સંગીત કર્કશ અવાજ જેવું હોય છે, જે ધનનો પ્રેમી હોય છે અને ધનને રોકી રાખે છે અને જે પોતાના સાથી મનુષ્ય પર ધનને ન્યોછાવર કરે છે. એને જ સાચું જીવન પ્રાપ્ત થાય છે. રૂપિયો રૂપિયા ને ખેંચે છે, મનુષ્યએ ખેંચાણ પ્રત્યે નિયંત્રણ રાખવું જરૂરી છે, નહીં તો રૂપિયો જશે અને સર્વસ્વનો નાશ કરશે. એક ચીની કહેવત પ્રમાણે પૈસા હોય તો, અવાજ આપતા શેતાન પણ હાજર થઈ જાય છે. અને પૈસો નથી તો એ માણસ પાસે કોઈ ફરકતું પણ નથી.

મનુષ્ય સન્માર્ગે પ્રયત્ન કરી ધન કમાવવું જોઈએ અને બાકી બધું પરમાત્મા પર છોડી દેવું જોઈએ. પૈસા હાથનો મેલ છે. આજે સર્વસ્વ પૈસાની ભૂખ છે, કારણકે ભૌતિક સુખની લાલસા છે. ભૌતિક સુખો માટે મનુષ્ય પૈસાથી બધું જ ખરીદવા માગે છે. પૈસા નહીં, પણ પૈસા પ્રત્યેની મમતા અને આળપંપાળ તથા પૈસા પ્રત્યેનો સ્વાર્થી પ્રેમ એ બધાં અનિષ્ટોનું મૂળ છે. જે પૈસાની લાલચને રોકી ન શકે એ ધનવાન હોવા છતાં ગરીબ છે. પૈસામાં સંતોષ માનવાના આત્મજ્ઞાન વગર કોઈ સુખી થઈ શકે નહીં. જ્યાં સોના અને રૂપાની વસ્તુ ઝાંખી દેખાય છે, ત્યાં જ મનુષ્યની બુદ્ધિને વધારેમાં વધારે ચળકાટ મળે છે.

છેલ્લે એટલું જ કહી શકીએ, કે જીવનમાં ધન મેળવો નીતિથી, ભોગવો રીતિથી અને આપો પ્રીતિથી.

ગામ બેરાજા

**મો. : ૯૩૨૨૨૨૨૪૦૦**

# માનસિક સ્વાસ્થ્ય

ડૉ.શિરીષ ચુનીલાલ માલદે

*...ગતાંકથી આગળ*

**બાળકોમાં ડિપ્રેશનઃ**

**ATTENTION DEFICIT HYPERACTIVITY DISORDER (ADHD)** : આ પરિસ્થિતિમાં બાળક અભ્યાસ કે બીજી કોઈ પ્રવૃત્તિમાં ધ્યાન પરોવી શકતું નથી. ચંચળતાને લીધે તેમની વર્તણૂક પણ અણધારી બની જાય છે. જો યોગ્ય ધ્યાન ન આપવામાં આવે તો આ વૃત્તિ તે બાળકમાં પુખ્તાવસ્થામાં પણ રહી જાય છે.

**Disruptive Behaviour** : તેજ ગતિએ બદલાતા સામાજિક વાતાવરણમાં બાળકો પણ સમય અનુરૂપ નકારાત્મક વર્તણૂક દર્શાવતાં થઈ ગયાં છે. વિવિધ ટીવી ચૅનલો, મોબાઇલ, તેમ જ પ્લે સ્ટેશન અને અન્ય વીડિયો ગૅમને લીધે બાળકોનું મગજ પહેલાં કરતાં અનેક ગણું તેજ રફતારથી ચાલે છે. ધીમી ગતિએ થતી કોઈ પણ પ્રવૃત્તિ તેમને કંટાળાજનક અને બોરિંગ લાગે છે. આ બધાની અસર હેઠળ બાળકોમાં આક્રમકતા, અધીરાઈ, જૂઠું બોલવાની ટેવ, બીજાને માથે દોષારોપણ કરવું, ભાવનિક ચંચળતા, અતિશય હસવું કે અતિશય રડવું જેવાં લક્ષણો દેખાતા હોય છે.

આવતી કાલના નાગરિક એવા આજનાં બાળકોની માનસિક સમસ્યાઓની અગત્યતા પીછાણીને ક.વી.ઓ. સેવા સમાજની કાઉન્સિલિંગ કમિટીએ બાળકો અને તેમનાં માતા-પિતા (પેરેન્ટ્સ) માટે કાઉન્સિલિંગ સેવા મુંબઈમાં માટુંગા, ડોંબિવલી, ઘાટકોપર, બોરીવલી અને ગોરેગામ એમ પાંચ ઠેકાણે ઉપલબ્ધ કરેલ છે. આપણા સમાજના જાણીતા પેરેન્ટિંગ કોચ અને નામી કાઉન્સિલર દ્વારા તમને વિનામૂલ્ય કાઉન્સિલિંગની સેવા આપવામાં આવે છે તે માટે ફોન નંબર ૯૩૭૨૭૯૩૨૧૨ ઉપર ઍપોઈન્ટમેન્ટ મેળવી શકાય છે.

**EATING DISORDERS:** આ પ્રકારની માનસિક બીમારીઓમાં વ્યક્તિ ખોરાક અને પોષણની બાબતમાં અતરંગી વિચારો ધરાવતી હોય અથવા ખોરાકનું પ્રમાણ સાવ ઘટી જાય અથવા વધી જતું હોય છે.

1. **ANOREXIA NERVOSA (એનોરેક્સિઆ નરવોસા)** : કૅલેરી માટે ખૂબ જ સજાગ હોય તેવા લોકો વજન ન વધી જાય તે માટે બહુ મામૂલી માત્રામાં ખોરાક લે છે. અમુક કેસોમાં અપોષણને લીધે શરીરમાં વિવિધ તત્ત્વોની કમી અને કૂપોષણથી ગંભીર બીમારીઓમાં પણ પટકાય છે

2. **BULIMIA: (બુલીમીઆ):** આ પ્રકારની બીમારીવાળા લોકો તનાવની પરિસ્થિતિમાં અકરાંતિયાપણું દાખવે છે. ક્યારેક બહુ વધારે માત્રામાં ખોરાક લઈ લે છે અથવા સતત થોડું મંચિંગ કરતા રહે છે. ખાસ કરીને ફાસ્ટ ફૂડ અને કૉલ્ડ ડ્રિન્કની વધારે પસંદગી હોય છે.

3 PICA : ખાસ કરીને બાળકોમાં જોવા મળતી આ સ્થિતિમાં ચોક, કાગળ, પ્લાસ્ટિકના ટુકડા, કાપડના ડૂચા કે પછી ક્યારેક વાળનો જથ્થો ચાવતા અને ગળતા હોયછે.

4 RUMINATION **(વાગોળવું):** ગાય અને ભેંસની જેમ ખાધા પછી તે ખોરાકને અન્નનળી અને જઠરમાંથી પાછો મોંમાં લાવી વાગોળ્યા કરે.

**Personality (પર્સનાલિટી) Disorder:** આ બીમારીવાળી વ્યક્તિ પોતાની ઓળખ, વિચારો અને વર્તણૂક વચ્ચે સમન્વય સાધી શકતી નથી. સાથે સાથે અન્યો જોડે પણ, તેઓ સહજ રીતે તાલમેલ મેળવી શકતી નથી. અસામાજિક અને ગુનાખોરીવાળી વર્તણુક ધરાવનાર વ્યક્તિ મોટે ભાગે આ બીમારી ધરાવતી હોય છે. સમય અને સ્થળ પ્રમાણે આ વ્યક્તિઓ તદ્દન ભિન્ન વર્તણૂક દર્શાવતી હોય છે. આ બીમારીના અનેક વિવિધ પ્રકાર છે. આ બીમારીનું નિદાન કરવા વિશિષ્ટ કૌશલ્યની જરૂર પડે છે.

**SCHIZOPHRENIA (સ્કિઝોફ્રેનિયા) AND RELATED DISORDERS :** આ બીમારીવાળી વ્યક્તિ શંકાશીલ સ્વભાવ ધરાવે છે અને જે અસ્તિત્વમાં નથી તે વસ્તુઓ માટે દ્રઢ કાલ્પનિક માન્યતાઓ ધરાવતી હોય છે. જીવનના અમુક તબક્કાઓમાં આ વ્યક્તિ તદ્દન નૉર્મલ અને સામાન્ય કહી શકાય તેવી વર્તણૂક દાખવતી હોય છે.

**SUBSTANCE ABUSE (વ્યસનાધીનતા) DISORDEERS:** દારૂ તેમ જ અન્ય નશાકારક ડ્રગનું અતિસેવન ધરાવતી વ્યક્તિઓ આ કક્ષામાં આવે છે. નશો કરવાથી તેઓ તેમનું રોજિંદું કામકાજ કરવા અસમર્થ થઈ જાય છે. અને નશો કરવા ન મળે તો તેઓ લાચાર, નિઃસહાય, બેબાકળા અને ક્યારેક આક્રમક બનીનો પોતાનો તેમ જ અન્યોને પણ જોખમમાં લાવી શકે છે.

અન્ય પ્રકારની માનસિક બીમારીઓ સાથેસાથે આ પણ વ્યસનાધીનતા જોવા મળે છે. બંનેનું કૉમ્બિનેશન ઘણી વખત ઘાતક પુરવાર થઈ શકે છે.

**POST TRAUMATIC STRESS DISORDERS :** વ્યક્તિના જીવનમાં કોઈ મોટી આઘાતજનક ઘટના બની હોય તે ઘટના તે વ્યક્તિના રોજિંદા જીવન પર ઘણી ઊંડી અસર છોડી જાય છે અને આ અસરમાં તે વ્યક્તિનું માનસિક સ્વાસ્થ્ય પણ જોખમાય છે. ભૂખ

ન લાગવી, અનિદ્રા, ભય, ચિંતા અને ભાવનિક ચંચળતા જેવા લક્ષણો નિર્માણ થાય છે

**POOR MENTAL HEALTH GENERAL STRESS DISORDER**
(સામાન્ય તાણ-તણાવ) :

આધુનિક જીવનશૈલીમાં સાચી રીતે કે ખોટી રીતે ''સ્ટ્રેસ એટલે તાણ-તણાવ'' આ સૌથી વધુ વપરાતો શબ્દ બની ગયો છે.

અબાલવૃદ્ધ દરેક વ્યક્તિ આજે ઓછાવત્તા પ્રમાણમાં સ્ટ્રેસગ્રસ્ત છે.

આધુનિક જગતમાં કૉમ્યુનિકેશન, ટ્રાવેલ, લાઈફ સ્ટાઈલ સુધારવાનાં વિવિધ ઉપકરણો, કૉમ્પ્યુટરાઈઝ્ડ સિસ્ટમ તથા લકઝરીના સાધનોમાં વિજ્ઞાને હરણફાળ ભરી છે, છતાં વ્યક્તિનું જીવન સરળ અને સુખદાયી થવાને બદલે વધારે ને વધારે ગુંચવણભર્યું સ્ટ્રેસફૂલ બનતું જાય છે.

ત્રણ મુખ્ય પરિબળો વ્યક્તિના જીવનમાં સ્ટ્રેસનો સામનો કરવાની ક્ષમતા નક્કી કરે છે.

૧. **ઉછેર અને ઘડતર વ્યક્તિ :** જ્યારે નાનું બાળક હોય ત્યારે માતા-પિતા, ઘરના નજીકના સગાં, તેનું ભણતર, આસપાસ, પ્રવર્તતો માહોલ, મિત્રવર્તુળ, વગેરે જીવનના ઘડતરમાં મહત્ત્વનાં પરિબળો છે. તેનાથી વ્યક્તિની પર્સનાલિટી ઘડાય છે અને વિપરીત સંજોગો સામે સામનો કરવાની શક્તિનું સર્જન થાય છે.

૨. **સામાજિક પરિબળો:** વ્યક્તિનું ભણતર, નોકરી, ધંધો કે વ્યવસાય, આવક, આર્થિક સ્થિતિ, કૌટુંબિક સ્થિતિ, જીવનસાથી અને બાળકોનું હોવું, રહેઠાણનો સ્તર, સામાજિક જીવન, શોખ, હોબી, યાત્રા સહેલગાહ, જીવનશૈલી, પેસા ખર્ચવાની વૃત્તિ, નાટક-સિનેમા-હોટેલિંગ ઈત્યાદિ ઘણાં પરિબળો વ્યક્તિનું સામાજિક સ્તર (સ્ટેટસ) નક્કી કરે છે. જીવનના ઉતાર-ચડાવમાં, દરેક પરિસ્થિતિમાં આ સ્ટેટ્સ જાળવવા વ્યક્તિ ઘણી વખત સ્ટ્રેસને આમંત્રણ આપતી હોય છે.

૩. **વ્યક્તિગત સંબંધો:** માતા-પિતા, ભાઈ-બહેન, પતિ–પત્ની, સંતાનો, પડોશી, મિત્રો, સ્નેહી, ઓળખીતા, પાળખીતા, કાર્ય સ્થળ પરના સહકર્મચારી, રોજિંદી યાત્રાના સહયાત્રી, સમાજના અન્ય સહયોગી આ સર્વે સાથેના વ્યકિતગત સંબંધ અને તાણાવાણા વ્યક્તિના જીવનમાં ખૂબ મહત્ત્વના છે. યોગ્ય વેવલેન્થ મળે તો સહયોગી વ્યક્તિ ઘણી ઉપયોગી અને ન મળે તો જીવનમાં ઘણો તનાવ પણ પેદા કરે.

**લક્ષણો :**

માનસિક બીમારીઓનાં સામાન્ય લક્ષણો વિશે તો આપણે ચર્ચા કરી. ઘણા કિસ્સાઓમાં દેખીતાં લક્ષણો જોવા નથી મળતાં. ઉપરથી વ્યક્તિ નૉર્મલ દેખાતી

હોય પણ તેના મનમાં ભયંકર ઊથલપાથલ ચાલતી હોય તેવું બની શકે છે. કાળજી કરનાર નજીકનું સ્વજન વ્યકિતમાં સૂક્ષ્મ ફેરફાર પણ નોંધી લે છે.

આપ્તજનોમાં નીચેના લક્ષણોમાંથી કોઈ લક્ષણો દેખાય તો માનસિક બીમારીના દસ્તક છે એમ સમજીને સજાગ થઈ જવું.

૧. ભૂખ ન લાગવી અથવા વધારે ભૂખ લાગવી.

૨. અનિદ્રા અથવા અતિનિદ્રા.

૩. ઓચિંતા અને વારંવાર મૂડ બદલવો.

૪. ઓચિંતા ગુસ્સો અને ચીડિયાપણું વધી જવું કે વ્યક્તિનું તદ્દન શાંત થઈ જવું.

૫. રોજિંદા નિયમિત કાર્યોમાં અચાનક અનિયમિતતા જોવી.

૬. ધૂમ્રપાન અને મદ્યપાન વધી જવું.

૭. વધારે એકાંત પસંદ કરવું.

૮. મનગમતાં કાર્યોમાંથી અચાનક રસ ઓછો થઈ જવો અથવા ઊડી જવો.

**ઉપચાર :**

માનસિક બીમારીઓની સારવાર શક્ય છે. સૌપ્રથમ તો માનસિક બીમારી છે તેનો સ્વીકાર કરવો અને તે માટે શરમ કે સંકોચ છોડીને યોગ્ય મનોચિકિત્સકની સલાહ લેવી જરૂરી છે. મનોચિકિત્સક પાસે ફક્ત ગાંડા અને અસ્થિર મગજની વ્યક્તિ જ જાય એ ગેરસમજણ દૂર કરવી જરૂરી છે. શારીરિક વ્યાધિની સારવાર માટે જેટલા સરળતાથી આપણે તૈયાર થઈએ તેટલી જ સહજતાથી માનસિક વ્યાધિ માટે પણ શાસ્ત્રોક્ત પદ્ધતિથી સારવાર લેવી.

પ્રથમ ચરણમાં સ્ટ્રેસ ઘટાડવા માટે નિયમિત કસરત, વ્યાયામ, પૂરતી ઊંઘ, સમતોલ આહાર અને માનસિક રિલેક્સેશન જરૂરી છે.

બીજા ચરણમાં સાયકોથેરાપી એટલે મનોચિકિત્સા અજમાવી શકાય જેમાં કાઉન્સિલિંગ અને વિવિધ પ્રકારની માનસિક ચિકિત્સા પદ્ધતિનો સમાવેશ થાય છે.

ત્રીજા ચરણમાં મગજમાં થયેલ કેમિકલ બદલાવ માટે માનસોપચાર ચિકિત્સક (સાયકિયાટ્રિસ્ટ) પાસે ઔષધોપચાર કરી શકાય.

आरोग्यं परमं भाग्यं स्वास्थ्यं सर्वार्थसाधनम्

આરોગ્ય એ સૌથી મૂલ્યવાન મિલકત છે જે વ્યક્તિ પાસે ઉત્તમ આરોગ્ય છે તે જીવનમાં બધું જ હાસિલ કરી શકે છે.

ગામ : ભુજપુર

**મો. : ૯૮૬૯૦૩૦૮૦૯**



# સૂર શબ્દનું સરનામું - પદ્મશ્રી અવિનાશ વ્યાસ

✻ રાજેશ સાવલા ✻

- ભારતની સર્વપ્રથમ સંગીતમય લાઈફોગ્રાફી ફિલ્મ ''સૂર શબ્દનું સરનામું'' શેમારૂ ચૅનલ પર જોઈ અને થયું કે વાચક મિત્રોને આ વિશે જરૂર માહિતગાર કરવા જોઈએ.

- ગુજરાતી ભાષાને વિશ્વ ફલક પર ગૌરવ અપાવનાર, ગુજરાતી ગીતો અને સંગીતને પ્રસિદ્ધિ અપાવનાર અવિનાશભાઈ વ્યાસ ગુજરાતનું હીર હતા. લગભગ દસ હજાર ગીતો એમણે લખ્યાં અને એમાંનાં ઘણાં ગીતોને સંગીતબદ્ધ પણ કર્યા.

- લગભગ બે કલાકની આ ફિલ્મમાં અવિનાશી દિવ્યતાને શબ્દાર્પણ કરનાર ગાયક, ગાયિકા, સંગીતકાર, કથાકાર, અભિનેતા, નાટ્યલેખક, કવિ, લેખક, વિવેચક, પત્રકાર વગેરે બધા મળીને ૩૧ મહાનુભાવોએ તેમની સાથેના પ્રસંગો વર્ણવ્યા છે.

- ગાયક - જર્નાદન રાવલ, કરસન સાગઠિયા, પ્રફુલ્લ દવે, મહેશ કનોડિયા, ગાયિકા - અલકા યાજ્ઞીક, અનુરાધા પૌડવાલ, આશા ભોસલે, ઉષા મંગેશકર, દમંયતિ બરડાઈ, હર્ષિદા રાવલ.

  સંગીતકાર - આશિત દેસાઈ, ગૌરાંગ વ્યાસ, શ્રવણ રાઠોડ, રજત ધોળકિયા, પુરુષોત્તમ ઉપાધ્યાય, ઉદય મઝુમદાર

  લેખક - કમેલશ મોતા

  કવિ - અંકિત ત્રિવેદી, કેશવ રાઠોડ, તુષાર શુક્લ

  અભિનેતા - ઉપેન્દ્ર ત્રિવેદી, રમાકાંત ભગત, નરેશ કનોડિયા.

  પત્રકાર - સોલી કાપડિયા, નિરંજન મહેતા

  ફિલ્મ નિર્માતા - રમણીક આચાર્ય, મહેન્દ્ર બોહરા

  નાટ્ય લેખક - પ્રવીણ સોલંકી

  સંગીત વિવેચક - લલિત વર્મા

  કથાકાર - પૂજ્ય મોરારી બાપુ, પૂજ્ય રમેશભાઈ ઓઝા

  આ સર્વે ઉપર જણાવેલ મહાનુભવોએ આ ફિલ્મમાં તેમની લાગણી વ્યક્ત કરી આ ફિલ્મને માણવા જેવી સુંદર, સંગીતમય બનાવી છે.

- ઘણા ગાયકો, કલાકારો, સંગીતકારો વગેરેને ગુજરાતી ફિલ્મોમાં ચાન્સ આપનાર અવિનાશભાઈ દિલના દિલેર, માયાળુ વ્યક્તિત્વ ધરાવતા મુઠ્ઠી ઉંચેરા માનવ હતા.

- અવિનાશભાઈનું ભાઈ-બહેનની પ્રીત પર અજોડ ગીત ''કોણ હલાવે લીમડી અને કોણ ઝુલાવે પીપડી, ભાઈની બહેની લાડકી'' લખી સ્વરબદ્ધ કરી જગ વિખ્યાત કરી દીધું.
- ગુજરાતના ગરબા અને અવિનાશભાઈ એકબીજાના પર્યાય હતા. તેમના લખેલ ગરબામાં ''માડી તારું કંકુ ખર્યું ને સુરજ ઊગ્યો'', ''રાધા ગૌરી ગરબો રમવા આવો સાહેલી સહુ ટોળે મળીને લોલ'', ''સોના વાટકડી રે કેસર ઘોળ્યા વાલમીયા'', ''પાટણ શહેરની નાર પદમણી, આંખ નચાવતી ડાબી ને જમણી'', ''તાલીઓના તાલે ગૌરી ગરબે ઘૂમી જાય રે, ઊગી પૂનમની રાત'' લોકપ્રિય ગરબામાં અગ્રસ્થાન ધરાવે છે.

  ભજન અને આધ્યાત્મિક ગીતો લખવામાં પણ તેમની કુશળતા ઝલકે છે : ''રાખના રમકડાં મારા રામે રમતા રાખ્યા રે'', ''હરિ હળવેહળવે હંકારે (૨), મેં તો લગામ દીધી હાથ હરિને, હરિ ચાહે તો પાર કરાવે '', ''બહુ સમજાવ્યું તોય પંખી નવું પીંજરું માંગે'', ''ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની'', ''પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે'' વગેરેની ઉત્તમ ભજનોમાં ગણતરી થાય છે.
- પ્રેમ, વિરહ વિશે પણ તેમણે લખેલ ગીતો લોકપ્રિય થયાં છે. અણિયાળી આંખ ધરાવતી સ્ત્રી ત્યારે જ સુંદર લાગે જ્યારે તેની આંખમાં પુરુષરૂપી કાજળ (મેષ) હોય, આવું સુંદર ગીત અવિનાશભાઈ જ લખી શકે.

  ''અણિયાળી રે ગોરી તારી આંખડી રે, હું રે આંજેલ એમાં મેષ રે'', ''તમે થોડા થોડા થાવ વરણાગી'', ''બેના રે સાસરિયે જાતાં પાંપણ ન ભીંજાય, દીકરી તો પારકી થાપણ કહેવાય'', ''પાણી ગ્યા તે રે, બેની અમે તળાવડે, પાળેથી લપસ્યો પગ, બેડાં મારાં નંદવાણાં રે'', ''નહીં મેલું રે તારા ફળિયામાં પગ નહિં મેલું'', ''પાટણથી પટોડા મોંઘા લાવજો'' વગેરે સુંદર ગીતો તેમની કલમમાંથી ટપક્યાં છે.
- ગુજરાતી ભાષામાં ગીતકાર - સંગીતકાર બન્ને ક્ષેત્રોમાં નામના મેળવનાર અવિનાશભાઈનો જોટો જડવો મુશ્કેલ છે. કોઈ પણ પ્રસંગ લગ્ન, સગાઈ વગેરે અવિનાશભાઈનાં ગીત-સંગીત વગર અધૂરા છે.
- આજે જ્યારે નવું જનરેશન ગુજરાતી ભાષાથી વિમુખ થઈ રહ્યું છે. ત્યારે માતા-પિતાને એટલી જ ભલામણ કે સંતાનોને ગુજરાતી ભાષા શિખવાડે. તો જ તેઓ આ ભાષાની સુંદરતા, માધુર્યતા માણી શકશે.
- વાચક મિત્રો સમય કાઢી શક્ય હોય તો આ ફિલ્મ જરૂર જોશો. તન, મન આનંદથી ઊભરાઈ જશે.

**મો. : ૯૭૬૯૦૦૮૮૧૯**

# બાળક ઈશ્વરની અમાનત

જયંત ગણશી જાગાણી

એક યુવતીને મોઢે સાંભળ્યું કે શ્રી (બાળકનું કલ્પિત નામ) તારાથી હું હવે કંટાળી ગઈ છું. બાળકની ઉંમર હશે ૧૨-૧૩ વર્ષ. આ વાક્ય સાંભળી હું હલબલી ગયો. કે માતા પોતાના બાળકને આવા શબ્દોથી શું કહેવા માંગે છે. અમારી માતા એ અમને ક્યારેય કહ્યું ન હતું કે હું તમારાથી કંટાળી ગઈ છું.

બાળક વયસ્ક (૧૮ વર્ષ) થાય ત્યાં સુધી માતાની તેમ જ ઘરના બધા વડીલોની જવાબદારી છે કે એનો કેમ સાચવવું, મઠારવું, સંભાળવું એનો યોગ્ય વ્યક્તિ બનાવવાની ઘરના બધા મોટાઓની જવાબદારી છે, ફરજ છે. એ માટે બાળક નાનો હોય, થોડો સમજણો થાય ત્યારથી એના ઉછેરની તકેદારી રાખવી આવશ્યક છે. ઘરનું શાંત, સૌજન્યશીલ વાતાવરણ ખૂબ જરૂરી છે. એ શાળામાં કેવા છોકરા સાથે મિત્રાતા કરે છે, ઘરની આજુબાજુ કેવા બાળકો સાથે રમે છે. રમતી વખતે એની વર્તુણૂંક કેવી હોય, કેવી ભાષા તેઓ બોલે છે, રમતાં રમતાં ઝઘડા તો નથી કરતાં ને, અપશબ્દ તો બોલતા નથી ને, આવી જ, મોટી જવાબદારી એની સ્કૂલમાં ક્લાસમાંની એની વર્તણુંક, શિક્ષકો પ્રત્યેનો આદર, અભ્યાસ પ્રત્યે રૂચિ. આ બધી સૂક્ષ્મ લાગતી બાબતો તરફ ધ્યાન રાખવાની જવાબદારી માતા તેમ જ સૌ વડીલોની હોય છે.

શાળામાં ચાલતા અભ્યાસક્રમ તરફ ધ્યાન આપો, ન સમજાય તો દરેક વિષયની ગાઈડબુક મળે છે. તે વાંચશો તો બધું સમજાઈ જશે. બાળક સ્કૂલથી આવે એટલે એને નાસ્તો વગેરે કરાવી, ફ્રેશ થવા દઈ એની સાથે બેસીને આપવામાં આવેલ હોમવર્ક જાણી લો. એને ના સમજાતું હોય તો ગાઈડ બુકમાંથી અના વિષયના પ્રશ્ન-ઉત્તર એની સાથે આપેલ હોમવર્ક એની પાસેથી કરાવી લેવું.

એ જ દિવસે રિવીજન થવાથી એ લેસન એને એકદમ સમજાઈ જશે એટલે પરીક્ષામાં એને કોઈ તણાવ નહીં રહે.

બાળક વયસ્ક (૧૮ વર્ષ) થાય ત્યાં સુધી એની પૂરેપૂરી જવાબદારી આપણા પર હોય છે, પણ ૧૮ વર્ષનો થાય એ પછી આપણા

વ્યવહારમાં ફેરબદલ થશે. હવે બધી નાની મોટી વાતો-બાબતોમાં દખલ વધુ પડતી ન કરવી. હવે એ મોટો થયો. એટલે કૉલેજમાં દાખલ થયા પછી એ વિચાર કરીને, હવે એને એની રીતે નિર્ણયો લેવા દો. એમાંય નજર જરૂર રાખવી પણ એને ન ખબર પડે ત્યાં તે રીતે એની ગેરહાજરીમાં એનું દફતર મોબાઈલ તપાસો કાંઈ અજુગતું લાગે તો એકાદ વખત કાંઈ - કહેવું એનાં મમ્મી પપ્પા તરીકે વિશેષ રીતે વર્તન પર નજર રાખતાં રહેવું. વારે ઘડીએ ભુલ બાબત એની સાથે વિસ્તૃત ચર્ચા કરવી એ બાબતમાં આપણને નુકસાન થશે, એ બાબત હજી પણ ચર્ચા કરવી અને હવે શીક્ષા પણ કરવી પડશે. વધુ અભ્યાસક્રમ બાબત એની સાથે ખુલ્લા મને ચર્ચા કરી એની પસંદગીના વિષયમાં પ્રવેશ અપાવો.

માતા-પિતાની નિગરાનીમાં એ બાળક સારી પ્રગતિ કરશે. છેવટે તો સૌ પોત-પોતાના નસીબ લઈને આવ્યું હોય છે. પ્રયત્ન કરવા આપણા હાથમાં છે ફળ આપનાર ઉપરવાળો બેઠો છે.

હાલ સોલાપુર (માપર)

---

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

૧ **પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

૨ **ઈમેલ** - pagdandi@kvoss.org

૩ **વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
**સંજય ચંદન વિસનજી**
**૯૮૯૨૮૧૫૩૬૭**

- તંત્રી


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**
સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૭
**પગદંડી**
અંક : ૧૦ જાન્યુઆરી ૨૦૨૫
**તંત્રી : અશ્વિન માલદે**
**સંકલન : સંજય છેડા**
મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org
ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦
મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪
**-: લવાજમ :-**
૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**



# સાહિત્ય-અમૃત

આલેખન : ચંદ્રકાન્ત નંદુ

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે
એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.<br>(અમૃતા પ્રીતમની આત્મકથા)<br>મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

*ગતાંકથી આગળ ....*

*જિન્દગીમાં એવા સમયખંડ આવે છે જ્યારે જીવનમાં એક ઉદાસી છવાઈ જાય છે. અમૃતાએ તો જીવનમાં સતત સંઘર્ષનો સામનો કર્યો છે. આવા સમયે જીવન અકારું થઈ જાય છે. અમૃતાની એ ઉદાસી એના લેખનમાં પ્રતિબિંબ થતી જ હોય છે. એણે સહન કરેલો અન્યાય અને અન્યાય સામેની લડતમાં એના જીવનને અર્થ સાંપડ્યો છે. એના શબ્દોમાં એની મનઃસ્થિતિ, એનો આક્રોશ દેખાય છે. એ દિવસો હતા જ્યારે અમૃતા જેને સ્વજન કહી શકે - આત્મીય ગણી શકે એવું કોઈ જ નહોતું. અમૃતાના એ શબ્દો -*

*'' જિંદગીમાં ઘણા એવા દિવસો આવ્યા છે, જ્યારે હાથમાં પકડેલી કલમને ગળે લગાડીને રડી છું''.*

*''ઈશ્વર જેવો ભરોસો તારો.'' કોણ જાણે ક્યારે અને કોણ કોનો બની જાય છે.*

*''ભીડનો મારી જિંદગી સાથે પણ કાંઈ સંબંધ નહોતો. ઈચ્છું છું કે એનો મારા મૃત્યુ સાથે પણ કાંઈ સંબંધ ન હોય''. (અહીં અમૃતાના એ વિધાન નો સંદર્ભ છે જ્યારે તે કહે છે કે જીવનમાં ક્યારેય કશો સંબંધ નથી રાખ્યો એવા બધા મૃત્યુ સમયે આસપાસ ઊભા રહી જાય છે ભીડ કરવા.)*

*''મારી માટીને ફક્ત મારાં બાળકોના અને ઈમરોઝના હાથ પૂરતા છે. ફક્ત પૂરતા નહીં, ગનીમત છે''.*

*અમૃતાના આ શબ્દોમાં એનું નૈરાશ્ય અને મનમાં વ્યાપેલી ગમગીની છતી થાય છે.*

*જ્યારે આવી ગમગીની છવાયેલી હોય ત્યારે એક મિત્ર જ આવી ગમગીન પળોમાં સાંત્વન આપી શકે. અમૃતાનું એ સદ્‌ભાગ્ય હતું કે એની જિન્દગીમાં એવા મિત્રો મળ્યા જેમણે આ મિત્રધર્મ નિભાવ્યો. ઈમરોઝ એનો મિત્ર હતો જેણે અંત સુધી એક સાચા મિત્રનો ધર્મ બજાવ્યો. આ મૈત્રી એ જ એક સત્ય છે.*

*અમૃતાનું એક અતિપ્રિય કાર્ય દરરોજ સવારે વૃક્ષ-છોડવાંઓને પાણી પાવું. દરરોજ સવારે જ્યાં સુધી અમૃતા ઝાડ-પાનને પાણી પાય ત્યાં સુધી ઈમરોઝ હાથમાં છાપું લઈને સાથે સાથે છાપાના સમાચાર સંભળાવે.*

એક દિવસ વૃક્ષોની આસપાસ ઉગાડેલા મની-પ્લાન્ટ ઈમરોઝને દેખાડ્યા ને કહ્યું : 'જુઓ, આ મની-પ્લાન્ટ કેવા વેલની જેમ વધ્યા છે.' ત્યારે એણે ઉત્તર આપ્યો: 'તમે તો પાણી પાઈપાઈને વારિસ શાહની વેલને પણ મોટી કરી છે. આ તો ફક્ત મની પ્લાન્ટ છે.'

ક્યારેક ક્યારેક ખુશી ને ઉદાસી સાથે સાથે આવી જાય છે. કહ્યું : 'વારિસ શાહની વેલને દિલનું પાણી પાયું હતું - દિલનું પણ, આંસુઓનું પણ (વારિસ શાહ એ સમયના પંજાબના મહાન કવિ હતા.)

*મહદ્ અંશે એવું બનતું હોય છે કે કોઈને એના ઉત્કૃષ્ટ કાર્ય થકી જ્યારે પ્રસિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે ત્યારે એની આ પ્રસિદ્ધિ કેટલાક દ્વેષીઓથી સાંખી શકાતી નથી*

*અને આ દ્વેષીઓ દ્વારા એક બદનામીની જાળ રચવામાં આવે છે જેથી પ્રસિદ્ધિ મેળવનારનું નામ ખરડાય. આવું જ કશુંક અમૃતા સાથે પણ થતું હતું. એક દિવસ કંઈક એવું બન્યું કે અમૃતા આવા જ કોઈ કારણે ગમગીન અને ખિન્ન હતી. એ જ દિવસે સાંજે દિલ્હીની ખાલસા કૉલેજે અમૃતાનો સત્કાર કર્યો અને દિલ્હી યુનિવર્સિટીએ અમૃતાને ડી.લીટ.ની માનદ્ ડિગ્રી આપી. અમૃતાના મનમાં તો સવારના પ્રસંગને કારણે ગમગીની છવાયેલી હતી. એ વખતે આભાર વ્યક્ત કરતાં અમૃતા કહે છે:*

**'લેખક દરેક હાલતમાં લેખક છે. મોસમ પ્રસિદ્ધિની હોય કે ગુમનામીની હોય કે બદનામીની હોય.'**

*જિંદગીનો પથ સમતળ ક્યારેય નથી રહેતો. એમાં ઉપર જઈ પછી પછડાટ ખાવાનું આવે જ છે. અમૃતાનું મન વિચારો વાગોળે છે....*

હવે - સમય વીતી ગયા પછી, પ્રસિદ્ધિને - ગુમનામીને અને બદનામીને જિંદગીની મોસમો કહી શકું છું. આશ્વાસન પણ છે કે બધી મોસમ જોઈ છે, પણ પહેલાં - ઘણાં વર્ષો પહેલાં - આ મોસમોમાંથી પસાર થવું બહુ મુશ્કેલ લાગતું હતું.

*જિંદગીમાં સંબંધોની ભૂમિ પણ ક્યારેય સમતળ નથી રહેતી. એમાં ઉતાર-ચડાવ આવ્યા જ કરે છે. અને આવે સમયે મનનું સંતુલન જાળવવું કપરું તો છે જ, પણ મહત્ત્વનું પણ છે. આ સંતુલન ખોરવાય ત્યારે જીવનમાં ખળભળાટ મચી જાય છે.*

*ઈમરોઝના સાથમાં પણ આ અનુભવ થતો જ રહે છે, પણ હૃદયના ભાવ શુદ્ધ છે તેથી આવેલ ઊભરો થોડા સમયે સમી જાય છે. બાળક નાનું હોય ત્યારે મા ગમે એટલી ગુસ્સે થાય અને કઠોર બને, પરંતુ બાળક ફરી માનો પાલવ પકડી લે છે. જિંદગીની આ છે રફ્તાર. ઈમરોઝ સાથેના સંગાથની વાત કરતાં અમૃતા કહે છે:*

જિંદગી, અતિની ઊંચાઈઓ અને નીચાણોથી ભરેલી છે, એમાં બે વ્યક્તિ મળે છે અને અથડાય છે – નદીઓનાં પાણીની જેમ મળે છે અને બે ભેખડોની જેમ અથડાય છે, પણ ચૌદ વર્ષના અનુભવ પછી કહી શકું છું, કે આ રસ્તાના નીચાણ નાનું સત્ય છે અને આ રસ્તાની ઊંચાઈઓ મોટું સત્ય છે.

ઈમરોઝનું વ્યક્તિત્વ નદીના પ્રવાહ જેવું છે. જેમ નદી એક સીમા સ્વીકારે છે, પણ નહેર જેવી પાળ બાંધેલી સીમા નહીં; ઇચ્છે તો પોતાના પ્રવાહનો રાહ પણ બદલી શકે છે. ઈમરોઝ માટે કોઈ સંબંધ એ બંધન નથી. સંબંધો ઘણું-ખરું પોતાના સ્વાભાવિક સ્વતંત્ર રૂપમાં નથી હોતા. ક્યારેક એમની લગામ કાયદાના હાથમાં હોય છે, તો ક્યારેક સામાજિક કર્તવ્યના. પણ ઈમરોઝના શબ્દોમાં - ''જો રસ્તો આપવો છે તો રીત-રસમની શી જરૂર છે?'' - દરેક કાયદો રીત-રસમ હોય છે. ઈમરોઝને એ રીત-રસમ પોતાના રસ્તાની બેઈજ્જતી લાગે છે.

*ઈમરોજ સાથેની પ્રથમ મુલાકાત. અમૃતાને અજબ અનુભવ થાય છે અને મન ચગડોળે ચડે છે. તાવ ચડે છે. મનમાં કશુંક ઘેરાઈ રહ્યું છે. સાંજે ઈમરોઝ જુએ છે તો તાવ ચડેલો છે. એ અમૃતાના કપાળે સ્પર્શ કરે છે અને કહે છે – 'બહુ તાવ છે?' અને ઈમરોઝ કહે છે, 'આજે એક દિવસમાં હું કેટલાંય વર્ષો મોટો થઈ ગયો છું'. આમ તો ઈમરોઝ અમૃતાથી સાડા છ વર્ષ નાનો છે, પરંતુ અચાનક જાણે એ કેટલોય મોટો થઈ ગયો. બંનેની એકલતાને એણે જોઈ લીધી. આ એકલતાયે કેવી? જે અનુભવે એ જ જાણે.*

*આપણે જોયું કે કોઈ પણ સંબંધોનો માર્ગ ક્યારેય સમતળ નથી હોતો. મૈત્રીસંબંધમાં પણ નહીં. આ સંબંધોમાં કેવાં કેવાં ક્ષુલ્લક કારણોથી ઉતાર–ચડાવ આવ્યા કરે છે! આપણે રોજ–બરોજ આવું જોઈએ છીએ – અનુભવતા હોઈએ છીએ. અમૃતાના શબ્દોમાં એ ચિત્ર કેવું સચોટ ઊપસે છે.*

જ્યાં સુધી એ દોસ્તીના માર્ગમાં આવતાં નીચાણોનો પ્રશ્ન છે - એવાં કારણો બહુ નાનાં હોય છે, પણ એનાથી પેદા થતો એનો ગુસ્સો અને મારી ઉદાસી છે - ત્રણેક ક્લાક સુધી બહુ ગંભીર થઈ જઈએ છીએ - એટલા ગંભીર કે એકલતા આખરી સત્ય લાગવા માંડે છે. એ કારણો હોય છે - ડ્રોઈંગરૂમની એક ગાદી ઊંધી કેમ પડી છે? સિગારેટનું ખાલી પાકીટ દીવાન પર કેમ પડેલું છે? ગુંદરની બાટલી જે ટેબલ પરથી લીધી હતી ત્યાં ન મૂક્તાં એને બીજા ઓરડાના ટેબલ પર કેમ મૂકી દીધી? કાર બહાર કાઢી'તી ત્યારે ગૅરેજનું શટર કેમ બંધ ન કર્યું અને પરિણામ એ આવે છે કે હાથનો કોળિયો હાથમાં ને પ્લેટમાં

પડેલી રોટલી પ્લેટમાં રહી જાય છે. ઘડિયાળનો કાંટો એક જ જગાએ અટકી જાય છે. એક ચુપકીદી છવાઈ જાય છે - જેમાં કેવળ એક ધડાકો બહુ જોરમાં સંભળાય છે અને એના ઓરડાનું બારણું એક આંચકા સાથે બંધ થઈ જાય છે.

લગભગ ત્રણ કલાક આ રીતે વીતી જાય છે, જાણે સમયનો ઉપરનો શ્વાસ ઉપર, નીચેનો શ્વાસ નીચે રહી ગયો હોય. પછી ઈમરોઝના એક ખૂબ સુંદર ઢંગથી એ ચુપકીદી તૂટે છે: 'હું તમારું' શીર્ષાસન, તમે મારા પ્રાણાયામ!'

એટલે આ બધાં નીચાણોને નાનું સત્ય કહી શકું છું અને ઈમરોઝના વ્યક્તિત્વને મોટું સત્ય.

*હિન્દી કવિ કૈલાસ વાજપેયી જ્યોતિષશાસ્ત્રના પણ જાણકાર. એક દિવસ એમણે અમૃતાને કહ્યું, તમારા જન્મ વખતે ચન્દ્ર તમારા ભાગ્યના ઘરમાં બેઠેલો હતો, એટલે હસતાં હસતાં અમૃતા કહે છે, 'એ તો અઢી ઘડી બેસીને ચાલ્યો ગયો હશે.' ઈમરોઝ બાજુમાં જ બેઠો હતો. એ હસીને કહે છે:*

એ કોઈ ઈમરોઝ થોડો જ હતો કે જે પછી બીજે ક્યાંય ન જાય? 'એ ફક્ત ચન્દ્ર હતો, આવ્યો, બેઠો અને પછી ઊઠીને ચાલ્યો ગયો. ચન્દ્રને તો ઘરેઘરમાં જવાનું હોય છે ને!'

*મૈત્રીની આ શુદ્ધ પળોને માણતાં ક્યારેક આપણા મનમાં અદેખાઈના અંકુરો ફૂટી નીકળે છે. માનવસહજ ઈર્ષ્યાભાવ.*

*એકલતા સામે ઝઝૂમતાં બે અનોખાં વ્યક્તિત્વની સ્થિતિ જોઈ ઈશ્વરને પણ એની કૃપા-દૃષ્ટિની વર્ષા કરવા યોગ્ય પાત્રો મળ્યાં. આવો મોકો ગુમાવવો ઈશ્વરને પણ ન પાલવે.*

*(ક્રમશ:)*

*હવે પછી : મૈત્રીનું માધુર્ય*

**સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧**

**કચ્છ - બાડા**

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

**પગદંડી ડિસેમ્બર, ૨૦૨૪ અંક**

શ્રી અશ્વિનભાઈ માલદેનું તંત્રીસ્થાનેથી સંબોધન ખૂબ જ સુંદર અને આવકાર્ય છે.

ભૂતકાળનું સરસ વિશ્લેષણ અને ભાવિ સુદૃઢ કરવા માટે, વર્તમાનમાં ફેરફાર કરવાના યથાયોગ્ય સૂચનો-પ્રશ્નો મારફતે!!!

કેટલીય વાર એવું જોયું છે કે અભ્યાસ, મેડિકલ કે રહેઠાણ સંબંધી સહાય મેળવવા. વિવિધ સ્થળોએ એકથી વધારે વખત ધક્કા ખાવા પડે છે જેથી કંટાળીને કે ક્યારેક એ માટે અસમર્થ હોવાથી સાધર્મિકો આ સહાય લેવાનું માંડી વાળી ને વ્યાજે લોન લે છે અને લાંબા સમય સુધી આર્થિક અગવડતા ભોગવતા રહે છે.

જો એક સંસ્થા - એક પ્રવૃત્તિનું કેન્દ્રીય સ્થાન બની રહે તો જેટલી મદદ લેનારને સરળતા રહે તેટલી જ જટિલતા દરેક સંસ્થાના કાર્યભારમાં ઓછી થઈ જાય.

લિ. રશ્મિ લતિકાન્ત સાવલા
(ગામ-વડાલા)
મો.: ૯૯૮૭૬ ૦૩૩૨૧

---

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

**ધાર્મિક સંસ્થાઓનું વેપારીકરણ**

ધાર્મિક સંસ્થાઓ, અતિથિગૃહો, ધર્મશાળાઓ મોટે ભાગે સમાજના દાનથી થયેલ હોય છે. તેમ છતાં યાત્રાળુઓને રહેવા માટે રૂમોનાં ભાડાં હોટેલો જેવા હોય છે. ચેક આઉટ ટાઈમ પણ હોટેલો જેવા હોય છે. સામાન્ય રીતે ભાડું મેઈન્ટેન્સ થાય તેટલું જરૂરી છે.

આ પરિસ્થિતિમાં દાન આપનાર દાતાઓને એક રીતે અન્યાય થાય છે. સંસ્થાઓના વહીવટકર્તાઓ આ અંગે વિચારે.

લિ. ચુનીલાલ દેવશી દેઢિયા – અંધેરી

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**



મિઠા,

વ્યે મૅણે કાનેં-મંતર વિગર જેં કચ્છી શબ્દેં મેં પાં (૧) વનચર - વનમાં રહેનારું, (૨) વનફડ - વનવગડામાં થતું ફળ, (૩) વનવટ - સર્વોત્તમ, (૪) વનવટ - સચોટ ઈ ચાર નેર્યા. અજ વન મિંજા બાર અચી પાં ''વર'' તેં નજર ફિરાઈયૂં...

૧) વર (પું) - વર; પતિ, (m) husband
(વાક્ય) બાઈ તૉજે વરજો નાલો કુરો ?

૨) વર (પું) - વરરાજા; લાડો (m) bride groom
(વાક્ય) વર કે વરરાજા ચૉવાજે, ઉનકે રાજા જૅડો રાજા પણ માગ ડે !

૩) વર (પું.) - વાંકાપણું (m) curve
(વાકય) હિન લઠમેં વર આય, ઈ ન હલંધી નિપટ સીધી ખપે.

**પનપટી :** કચ્છીમેં હિકડી પ્રસિદ્ધ ચૉવક આય જુકો પાંકે ખિલાઈ છડે એડી આય. ગોટજી મા કનાં અણચાર જી મા તકડી (વરરાજાની માથી અણવરની મા ઉતાવળી) (ગોટ ઈતરે વરરાજા - વર).

ચૉવક સરળ આય ને સમજાજે એડી આય, પણ ઈનમેં જુકો અર્થજી વ્યંજના આય, હિકડી જાતજો કટાક્ષ આય સે ધારવારો આય. કોય પણ કાર્યમેં મુખ્ય વ્યક્તિ કનાં બિઈ ઓછી મહત્વજી વ્યક્તિ ડેઢડાઈ ભની ગાલ ગાલમેં વિચમેં પોંધી વૅ તૅર ઉન મથે ઈ કટાક્ષ કે મેં અચે તો.

ઈન જ અરથજી આધુનિક ચૉવક પાં મિડે જાણોતા.

ચાય કનાં કીટલી ગરમ (મુખ્ય કામ તો ચાનું હોય, પણ પેલી કીટલીને મન એ જ મહત્વની છે!) સમય સાથે કહેવતો આમ બદલાય છે, ખરું ને ?

ભલેં તડેં આં વટે કો ''વર'' વૅ ત જરૂર હલાઈજા !!

**આંજો વિશન**
**મો.: ૯૮૨૦૪૫૬૮૯૯**

•••••••••••••••••••••••••

**સાન્તીજી સમાધી**

જીયણમેં ઈ જ આય જાધી,
આધી, વેઆધી ને ઉપાધી;
છેલ્લે મિલે સે 'તેજ',
વૅતી સાન્તીજી સમાધી.

## 'વિચાર જે તું પણ?'

તું હતો, તું છે, તું હશે ?
હવે કહે પૃથ્વીની લડાઈઓ ક્યારે બંધ થશે ?
ગીતા, કુરાન, બાઈબલ પણ સમજાવી થાકી ગયાં !
શું માણસની દુનિયા આમ જ ચાલતી જશે ?
હે જનારા તું ખુદાને એક સવાલ પૂછજે ?
એ પણ માણસ જેમ થયો લાગે છે ભ્રષ્ટાચારી !
જો જે એને પણ કંઈ જોતો હોય માલ તો પૂછજે ?

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

## ગતી રામબાણજી

ગતી રામબાણજી, રાકાસ કોય ભચેં કી?
નાય જેન્કે ભીતર મેં ભાવ, તેંકે ખુચેં કી ?

આય રામ અણુ અણુ, રોમ રોમ રમેંતો
નાંય જુકો રામ જો, સે રામ વટે અચેં કી?

અજોધ્યા પધાર્યા પ્રભુ, ભારત જા ભાગ ધન
એંકાર જો આધી, રામ મુખ ડિસી મચેં કી?

જન મન લીન થ્યા, ખલકમેં ખુશી છિલેં
રાજી જુકો ફિટ મેં, ઊ નુગરો ત નચેં કી?

સતજુગ, ત્રેતા ક ભલેં કલજુગ હૂવેં,
રાજ મિલેં રામ કે, સે મંથરાનું પચે કી?

**- જયુ**

## મુઠ્ઠી ઊંચેરા બાપુજીને વંદનાઃ અધા

ભણાતર ભેરોં ગુણાતર સિખાયાં અધા
બરુંકે કે ન નડેં નખતર સિખાયાં અધા

સંસ્કાર ને વરી શાણપણ ડિનાં વારસેમેં
ઈમાનધારીજો ચણતર સિખાયાં અધા

સિરધા ને વિસવાસ રખણાં બોંય ભેરા
સાંતીજો સેંલો મંતર સિખાયાં અધા

ઊંઢીજા અઈં ખુમારી ને ખંતજો ખથો
ઓડી નઇં અચે નડતર સિખાયાં અધા

કંઢા-કકરા અચીંધા જીયણજી વાટમેં
વલપજો છંઢીધે અંતર સિખાયાં અધા.

**કેતના છેડા 'કેતુ'**

## તૂં તોંજી હધમેં રો

આંઊ મૂંજે અઙણમેં રમાં, તૂં તોંજી હધમેં રો
આંઊ મૂંજે અઙણમેં ભમાં, તૂં તોંજી હધમેં રો

તૂં બધી ગિડે વાડૂં, હિરણૂં ફિરણૂં ઉતરેમેં
મનમેં અચેતી વનમેં ભમાં, તૂં તોંજી હધમેં રો

હલંધો તોજો જોર, જિત પુજણ તોંજો આય
મૂંજા ડો મૂંકે ખમા, તૂં તોંજી હધમેં રો

તોંકે ચિંધા સજી ધૂનીયાજી, જિત તિત ધોંડૂં ડીએ વિઠો
આંઊ મૂંજે મનમેં રમાં, તૂં તોંજી હધમેં રો.

**- ગિરીશ સાવલા**

ડો - દોષ, ગુનો

# જિંદગી છે કે મેદાન રણનું

જિંદગી છે કે મેદાન રણનું, રોજ કરવી પડે છે લડાઈ,
આગ ચારે તરફ છે નિરંતર, જાણો ચૂલા ઉપરની કડાઈ.

ઊંડી માયાનાં દુઃખ પણ છે ઊંડાં, લાગણી મારે હરદમ કટારી,
મોહ મારે છે જીવનનો નહીંતર, જિંદગી ચીજ ખુદ છે પરાઈ.

ઘડપણ આવ્યું ને જીવનનું પહેરણ ચોતરફથી ગયું છે ઘસાઈ,
સાત સાંધું છું ત્યાં તેર તૂટે, શી રીતે એની કરવી સિલાઈ.

લાખ ઉપચાર, વૈદોને બાધા, ના ધકેલી શકે દુઃખને આઘાં,
કોઈ બદલી શકે ના કદી પણ, લેખમાં જે ગયું છે લખાઈ.

મર્દ થઈને મુસીબતથી લડજો, દુઃખની હિંમતથી કરજો પિટાઈ,
સિંહ શૂરવીર મૃત્યુને મારે, ગાય નબળીને ઝાઝી બગાઈ.

થઈને હોશિયાર જીવનમાં રહેજો. મોટા માણસને મોઢે ન કહેજો,
છૂટ છે અહીં પ્રશંસાની સૌને, ને શિકાયતની ચોખ્ખી મનાઈ.

પાથરો એક ચાદર દુઆની, સપનાં મૂકી દ્યો તકિયાની નીચે,
રાત છેલ્લી છે ઓઢાડો યારો! પ્રીતની યાદભીની રજાઈ.

**જયસુખ પારેખ 'સુમન', ભુજ-કચ્છ**

## ગુનેગાર

હિલી મિલી ને હલંધો ડે,
ઈ ખિલી-ખિલી ને ખમંધો ડે;
ગુનેગાર તાં ઈનજો હીંયું વૅ 'તેજ',
પાપી હમેસાં નમંધો ડે.

## મુંજે મૂરમેં

જેંકે ડિઠા મૂં હૂરમેં,
જાણો તણી વેઆ પૂરમેં;
અખીયું ભૂંસે મૂં નેઆરેઓ 'તેજ',
તાં વિઠા ડિઠા મૂંજે મૂરમેં

## સ્મરણના હોય ફોટા

સ્મરણના હોય ફોટા,
જાણો એ છે પરપોટા.

ક્ષણમાં તો એ ફટી જાવે,
ત્યારે જીવ દુઃખી થાવે.

કરાય ના એનો વિશ્વાસ,
કરી દે અધ્ધર શ્વાસ.

કદી એ એકલતા લાવે,
મનડાને દુઃખ સતાવે.

'સ્મરણો' કદી થાવે સુખદ,
'લઘુગોવિંદ' કદી દુઃખદ.

## સોબત ખરાબ

સરિતાનું જળ મીઠું ગણાય,
સાગરે ભળતા ખારું એ થાય.

દુર્જન લોકોનું સંગ કરતાં,
આતમરામે દુર્ગુણ છવાય.

અગનનો એક તણખો પડે,
ઘાસ બળીને રાખે ફેરવાય.

દૂધનું સ્વાદ મીઠું મધુર,
લિંબુના ટીપાથી બગડી જાય.

'લઘુગોવિંદ' દૂરાચાર છોડી,
સદાચાર પ્રવાહે વહેવાય.

## સંબંધોની કિંમત

સંબંધોની કિંમત અંકાય,
પાયાની ઈંટ બનાવાય,

સંત સંગત પામે માનવ,
મન ભીતરથી હરખાય.

દુર્જનની જાળમાં જો ફસે,
દિલડું દુઃખથી વલોવાય.

'સ્વ' સંગે સંબંધ જો સ્થાપે,
ભીતરના તો મોતી પમાય.

'લઘુગોવિંદ' પર સંબંધે
કદી મળતી દુઃખની લાય.

- **'લઘુગોવિંદ'**

## શુભને નિહાળો

શુભને સદાય નિહાળો,
અશુભથી મનને વાળો.

દુઃખ-નિરાશા દૂર સારો,
આશાને દિલમાં સંચારો.

કુશંકાઓ દિલથી હટાવો,
શ્રદ્ધાના બીજ હૈયે વાવો.

અજ્ઞાની નીત દુઃખ પાવે,
જ્ઞાનથી આતમ સોહાવે.

મિથ્યા તો છે દુઃખની કયારી,
'લઘુગોવિદ' કરો ના યારી.

- **'લઘુગોવિંદ'**

## શ્રી ક.વી.ઓ. સેવા સમાજ

*આયોજિત*

## માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા-ડુમરાવાલા

*પ્રાયોજિત*

# બિન્દાસ બોલ-વર્ષ ૩૮

શ્રી ક.વી.ઓ. સેવા સમાજની વ્યક્તિત્વ વિકાસ સમિતિ આયોજિત અને માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા-ડુમરાવાલા પ્રાયોજિત, બિન્દાસ બોલ સ્પર્ધાના ૩૮મા વર્ષમાં, મુંબઈ અને મુંબઈ બહારના કુલ્લે ૧૫ કેન્દ્રમાં પ્રાથમિક ચરણની શરૂઆત થઈ. જેમાં ૩ વર્ષથી લઈ ૭૫ વર્ષ સુધીના દરેક સ્પર્ધકે બિન્દાસ બની ભાગ લીધો. સ્પર્ધાના શ્રોતાઓ બીજા વર્ષે સ્પર્ધામાં ભાગ લેતા થઇ જાય છે. ભાગ લેનાર, નવા વિશ્વાસ સાથે ઉચ્ચ શિખર સર કરવા તૈયાર થઇ જાય છે. નામી-અનામી ચહેરા આ સ્પર્ધા સાથે જોડાઈને હંમેશાં નવી ઊર્જાનો સંચાર અનુભવે છે.

બિન્દાસ બોલ-વક્તૃત્વ સ્પર્ધાનું આ વર્ષ રાષ્ટ્રીય સ્તર સુધી આગળ વધ્યું. મુંબઈમાં, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દ્વારા માટુંગામાં, ઉપરાંત, શ્રી મલાડ કચ્છી જૈન યુવક સમાજ, શ્રી કાંદિવલી કવીઓ જૈન સમાજ, શ્રી બોરીવલી કવીઓ જૈન મહાજન, શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, શ્રી મુલુંડ કવીઓ સમાજ, શ્રી થાણા કચ્છી જૈન સેવા સમાજ, શ્રી ડોંબિવલી કવીઓ સેવા સમાજ અને શ્રી અંબરનાથ કવીઓ જૈન સંઘ, કુલ - ૯ સ્થાનિક કેન્દ્રમાં આ સ્પર્ધા આયોજિત થઈ. જ્યારે મુંબઈ બહાર, સોનગઢ બોર્ડિંગ, શ્રી પુના કચ્છી જૈન સમાજ, શ્રી હૈદરાબાદ કવીઓ જૈન સમાજ, શ્રી નાગપુર કવીઓ સમાજ અને શ્રી વિદર્ભ કવીઓ સમાજ અને મધ્ય પ્રદેશ - છત્તીસગઢ કચ્છી વીશા ઓસવાલ જૈન સંઘ, એમ કુલ ૬ કેન્દ્રમાં યોજવામાં આવી. સાથે વિડિયો એન્ટ્રીથી પણ ભાગ લેવામાં આવ્યો હતો.

ઘણા કેન્દ્રએ પ્રથમ વાર જ ભાગ લીધો હતો. ત્યાંના સ્થાનિક રહેવાસીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લીધો હતો. ૪૫૦ થી વધુ જેટલા સ્પર્ધકોએ, પ્રથમ ચરણમાં ભાગ લીધો. સ્પર્ધાનું બીજું ચરણ, એટલે સેમિ ફાઇનલ - તા.૧ ડિસેમ્બર, ૨૦૨૪ના, શ્રી ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, ઘાટકોપરમાં યોજવામાં આવી હતી. બધા ગ્રુપના મળીને, ૧૩૦ સ્પર્ધકો વચ્ચે રસાકસીનો ખેલ જામ્યો હતો. કહેવાય છે ને ''મેદાન તો કોઈક જ મારી જાય''. પોતાના વક્તવ્યથી નિર્ણાયકોની કસોટીમાંથી પાર ઊતરી, દરેક ગ્રુપમાંથી ૭ સ્પર્ધક, સ્પર્ધાના ત્રીજા ચરણમાં એટલે ફાઇનલ તરફ આગળ વધ્યા.

તારીખ ૮ ડિસેમ્બર,૨૦૨૪ના ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપરમાં ફાઇનલ સ્પર્ધા યોજવામાં આવી. સ્પોન્સર ફૅમિલીના વડીલ અને આ સ્પર્ધાના પ્રણેતા, સદ્‌ગત શ્રી વિસનજીભાઈ ગાલાને શ્રદ્ધાંજલિ અર્પિત કરી આ સ્પર્ધા શરૂ થઈ. દરેક સ્પર્ધકે પોતાની આગવી શૈલીમાં પોતાના વિચારો પ્રસ્તૃત કર્યા. એંકર હર્ષ ગડા અને મોસમ શાહે, પોતાની વાક્છટાથી દરેકને જકડી રાખ્યા. બિન્દાસ બોલ ફાઇનલમાં ૩ વર્ષ વિજેતા રહી ચૂકેલ વિધિ રાજેશ ગડાએ સ્પેશ્યલ સ્પીકર તરીકે પોતાનું ધારદાર વક્તવ્ય રીતે રજૂ કર્યું. અનુભવી નિર્ણાયકો - CA પરિતા સાવલા, સુશીલ વિશ્રાણી અને સૉલિસિટર ધીરેન નંદુએ પોતાની ભૂમિકા સુપેરે નિભાવી.

ડૉ. અવનિ ગંગરે કાર્યક્રમનો અંતિમ પડાવ ‘‘અભિનંદન અને આભારવિધિ’’ વ્યવસ્થિત રીતે પાર પાડ્યો હતો. શ્રી ક.વી.ઓ સેવા સમાજના પ્રમુખ ડૉ ચંદ્રકાન્તભાઈ લાલને સ્વાગત વક્તવ્ય રજૂ કરી સૌને આવકાર્યા હતા. વ્યક્તિત્વ વિકાસ સમિતિના સુકાની પરાગભાઈ દેઢિયાએ સદ્‌ગત વિસનજીભાઈ ગાલાને યાદ કરી ભાવનાત્મક અને પ્રતીકાત્મક હિન્દી ગીતની પંક્તિઓ રજૂ કરી હતી અને વિશ્વાસ અપાવ્યો કે સમાજના સાથ-સહકારથી આ સ્પર્ધા નવા શિખર સર કરશે. દાતા પરિવારથી કિરીટભાઈ ગાલા, જયંતીભાઈ ગાલા અને અનેક કુટુંબીજનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કિરીટભાઈએ સ્પર્ધકોને વક્તવ્યમાં ભાવનાત્મક પાસાંની સાથે સાથે વ્યવહારુ પાસાં જોડવાનું સૂચન કર્યું હતું. સંસ્થાના સેક્રટરી શ્રી હેમલ પાસડે બિન્દાસ બોલ સ્પર્ધાને આટલી ઊંચાઈ પર લઇ જવા બદલ પ્રાયોજકોનો, દરેક કેન્દ્રનો, સ્પર્ધકોનો, શ્રોતાઓનો અને ૩૦થી વધુ સંખ્યાબળ ધરાવતી કાબેલ અને કર્તવ્યનિષ્ઠ બિન્દાસ બોલ ટીમનો આભાર માન્યો હતો.

દરેક ગ્રુપમાંથી ત્રણ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. (નામ અને ફોટો પાના નં ૪૪ પર આપવામા આવ્યા છે.) ત્રીજુ ઇનામ (રૂા. ૧૫૦૦), બીજું ઇનામ (રૂા. ૩૦૦૦ અને પહેલું ઇનામ (રૂા. ૫૦૦૦) અપર્ણ કરવામાં આવ્યું હતું. શ્રી મલાડ કચ્છી જૈન યુવક સમાજને સ્પર્ધાનું દરેક રીતે ઉત્કૃષ્ટ રીતે આયોજન કરવા બદલ **BEST CENTRE** જાહેર કરવામાં આવ્યું હતું. સ્વાદિષ્ટ ભોજન કરી, સૌ આ સ્પર્ધાનાં મધુર સંભારણાં અને પાછા આવતા વર્ષે મળવાના ભાવ સાથે છૂટા પડ્યા હતા.

આ વર્ષે સ્પર્ધા પહેલાં, ઘણાં કેન્દ્રો દ્વારા આ સ્પર્ધા માટે તૈયારી કઈ રીતે કરવી એ માટે વર્કશોપનું પણ આયોજન થયું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમ Youtube પર live બતાવવામાં આવ્યો હતો.

**સંકલન : લોપા ઈલેશ ધરોડ**

# સમાજની રાષ્ટ્રીય સ્તરની વકતૃત્વ સ્પર્ધા બિન્દાસ બોલ - ૨૦૨૪ (વર્ષ ૩૮મું)

A TOOL FOR SELF DEVELOPMENT

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજ વકતૃત્વ બિન્દાસ બોલ-૨૦૨૪ની ફાઈનલ સ્પર્ધા રવિવાર, તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ઘાટકોપર ખાતે પરિપૂર્ણ થયેલ. વિવિધ સેન્ટરો પરથી પ્રથમ રાઉન્ડથી લઈને ફાઈનલ સુધી પહોંચનાર અને ફાઈનલ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકોની નામાવલી ગ્રુપ પ્રમાણે નીચે મુજબ છે.**

Group A | B | C | D

## પ્રથમ



દીપા ભાવીન જાગાણી
(માપર-ખાર)
સેન્ટર - અંબરનાથ



શીખા ખુશાલી દિપેન ભેદા
(કપાયા-મલાડ)
સેન્ટર - મલાડ



જાનવી પલ્લવી ગિરીશ મારૂ
(ચીયાસર-ઘાટકોપર)
સેન્ટર - ઘાટકોપર



રેયાંશ વૈશાલી વિનોદ સંગોઈ
(કપાયા-થાણા)
સેન્ટર - થાણા

## દ્વિતીય



પુનમ નિકેશ દેઢિયા
નવાવાસ-દુર્ગાપુર-હૈદ્રાબાદ
સેન્ટર - હૈદ્રાબાદ
શ્રોતાઓની પસંદ



વિધી પલ્લવી મનીષ છેડા
(મલાડ-બિદડા)
સેન્ટર - મલાડ



સલોની કાજલ સચીન મામણીયા
(ભુજપુર-મલાડ)
સેન્ટર - મલાડ



ટવીશા વૈશાલી અમિત છેડા
(કાંડાગરા-ઘાટકોપર)
સેન્ટર - ઘાટકોપર

## તૃતીય



મધુલીકા કિર્તી શેઢિયા
વડાલા-કાંદિવલી
સેન્ટર - કાંદિવલી



વિનીત ભાવના અનિલ દેઢિયા
(ભુજપુર-ખાર)
સેન્ટર - સોનગઢ



મીત જીગ્ના જીતેન્દ્ર ગડા
(ગુંદાલા-નાલાસોપારા)
સેન્ટર - સોનગઢ



વિરતી ભક્તિ આશીષ મારૂ
(ડેપા-મલાડ)
સેન્ટર - મલાડ
શ્રોતાઓની પસંદ

**અભિનંદન**






મોક્ષા હેઝલ હિમાંશુ ધરોડ
(પત્રી-હૈદ્રાબાદ)
સેન્ટર - હૈદ્રાબાદ
શ્રોતાઓની પસંદ



દ્રીતી બીજલ અલ્પેશ ગાલા
(દેવપુર-ઘાટકોપર)
સેન્ટર - ઘાટકોપર
શ્રોતાઓની પસંદ

**ઉત્કૃષ્ટ આયોજન કરવા બદલ The Best Centerના વિજેતા શ્રી મલાડ કચ્છી જૈન યુવક સમાજ**

## અભિનંદન... આભાર... અપેક્ષા... ક્ષમાયાચના...

બિન્દાસ બોલ - ૨૦૨૪ વક્તૃત્વ સ્પર્ધાના આયોજનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર સર્વેનો શ્રી ક.વી.ઓ. સેવા સમાજ હાર્દિક આભાર માને છે.

❁ સ્પર્ધાનાં પ્રાયોજક માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા (ડુમરા) પરિવાર.

❁ પોતાના એરિયામાં પ્રથમ રાઉન્ડ યોજનાર સર્વે સેન્ટરોના પદાધિકારીઓ અને સંચાલકો.

❁ સ્પર્ધકો માટે વર્કશોપ યોજનાર લોકલ સેન્ટર અને ટ્રેનર.

❁ સેમિફાઈનલ માટે સહયોગ આપનારા શ્રી ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા અને ફાઈનલ માટે શ્રીમતી ઝવેરબેન પોપટલાલ સભાગૃહના ટ્રસ્ટીઓ, સંચાલકો.

❁ સંપૂર્ણ સ્પર્ધાનું સુપેરું સંચાલન કરી શ્રોતાઓને જકડી રાખનાર લોકલ રાઉન્ડ, સેમિ-ફાઈનલ અને ફાઈનલના સંચાલકો.

❁ હ્રદયસ્પર્શી નિર્ણય આપનાર લોકલ રાઉન્ડના, સેમિ–ફાઈનલ અને ફાઈનલના નિર્ણાયકો.

❁ વક્તવ્યથી પોતાના વિચાર સમાજ સુધી પહોંચાડનાર સર્વે સ્પર્ધકો તથા તેમના પરિવારજનો અને સુજ્ઞ શ્રોતાજનો.

❁ સમાજ સુધી સંદેશો પહોંચાડનાર સંયુક્ત ખબરપત્રિકા સમિતિ અને નીલપરી એડના જ્યોતિ ઝવેરી સાવલા.

❁ વીડિયોગ્રાફી અને યૂટ્યુબ પર લાઈવ પ્રસારણ માટે નયન ગડા અને યોગેશ કારાણી.

❁ ડિસ્કાઉન્ટ દરે ઈનામો ઉપલબ્ધ કરાવનાર અંબિકા બેગ હાઉસ.

❁ મધુર વાનગીઓ પીરસનાર કૃણાલ કેટરર્સના ચાંપશી દેઢિયા.

❁ પ્રત્યક્ષ/પરોક્ષ રીતે મદદરૂપ થનાર સર્વે.

**કન્વીનર : પરાગ રામજી દેઢિયા (અંધેરી -પત્રી)**

સમિતિ સભ્યોઃ રાજેશ હરીલાલ છેડા (બોરીવલી-પત્રી),
હેમંત કાંતિલાલ સંગોઈ (નાલાસોપારા-સમાઘોઘા), જીનલ હાર્દિક ગોગરી (મુલુંડ-કપાયા),
સિમ્પલ મનીષ શાહ (સાંતાક્રુઝ -ભોજાય), મેહુલ પ્રેમચંદ દેઢિયા (ડોંબિવલી-ભીંસરા),
હસ્તી સમીર ગડા (ઘાટકોપર-મોટા રતડીયા), ડૉ. અવનિ નીરવ ગંગર (કાંદિવલી-મોટી ખાખર),
તરલા પિયુષ નાગડા (મુલુંડ-નરેડી) અરવિંદ રતનશી મામણિયા (નાનાચોક-મેરાઉ),
સ્મિતા રાજેશ ગાલા (મલાડ-પ્રાગપુર), ચંદન છબીલ છેડા (મુલુંડ-વડાલા)

## થિયેટર ઍક્ટિંગ વર્કશોપ

શ્રી ક.વી.ઓ. સમાજનાં ૭૫ વર્ષના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે સુપર હિટ નાટક **આવજે** ના ૪૩ સફળ પ્રયોગો બાદ સેવા સમાજ અંતર્ગત સાંસ્કૃતિક સમિતિએ એક નવી પહેલ સાથે **થિયેટર ઍક્ટિંગ વર્કશોપ**નું બે-દિવસીય આયોજન તા. ૭-૮ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ કરવામાં આવેલ હતું.

એકાંકી નાટ્યસ્પર્ધાની તૈયારીરૂપે આ પ્રથમ ચરણ હતું.

ફરી એકવાર અનેક દાયકાઓથી સમાજના કલાકારોને સ્ટેજ પૂરું પાડનાર એકમાત્ર સંસ્થા એટલે ક.વી.ઓ. સેવા સમાજની સાંસ્કૃતિક સમિતિ દ્વારા આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપ નામાંકિત રાઈટર-ડાયરેક્ટર શ્રી પ્રીતેશ સોઢાના નેતૃત્વ હેઠળ થયું હતું. આમાં ૮ થી ૭૫ વર્ષના કુલ ૬૦ લોકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

બીજા દિવસે મુગટમાં કલગી સમાન ગુજરાતી સ્ટેજ ઍક્ટર શ્રી વિપુલ વિઠ્ઠલાણીના માર્ગદર્શને ભાગ લેનારામાં અનેરો ઉત્સાહ ભરી દીધો હતો.

**ભાગ લેનાર કલાકારોના પ્રતિસાદરૂપી શબ્દો**

- ક.વી.ઓ. સેવા સમાજ હંમેશાં કંઈક નવું પીરસવામાં અગ્રેસર રહે છે.
- આ કલાકારોની અભિનય ક્ષમતા વધારવા ખૂબ સરસ પહેલ છે.
- અહીંથી શીખીને હું જરૂર **એકાંકી**માં ભાગ લઈશ.
- આજના સમયમાં શીખવાના હજારો રૂપિયા થઈ જાય છે ત્યાં આપણાને નિશુલ્કમાં બે દિવસ સુધી ૫ - ૬ કલાક શીખવા મળે એનાથી વધુ શું હોઈ શકે? સરસ આયોજન માટે સેવા સમાજને અભિનંદન.

- Through such mind blowing activity it was seen how wonderfully the participants came up with level of imagination, creativity, talents & execution.
- It is blessings to receive such level of training.
- Thanks to cultural committee to organize such amazing & thaughtfull workshop.

આ આખા વર્કશોપની પાછળ, આવનારા સમયમાં **એકાંકી નાટ્યસ્પર્ધા**નું આયોજન કરવાનો અને એમાં ભાગ લેવા કલાકારોને તૈયાર કરી એમનો ઉત્સાહ વધારવાનો હતો.

આ **એકાંકી નાટ્યસ્પર્ધા**માં ક.વી.ઓ. સમાજના Corporates, સંઘ, મહાજન, ગામ, Area, ગ્રુપ ભાગ લેવા માટે ભાવભર્યું આમંત્રણ છે.

ટૂંક સમયમાં આના માટે વિગતવાર માહિતી ખબર-પત્રિકાના માધ્યમ દ્વારા આપવામાં આવશે.

**સતત આગળ વધતા રહો...**એ ભાવના સાથે ઉપરી અધિકારીઓ સાંસ્કૃતિક સમિતિને આમ જ પ્રોત્સાહન આપતા રહે એજ શુભેચ્છા સાથે અસ્તુ.



ગામ દેવપુર, હાલે સોલાપુરની

**હીર બીજલ નિશિત હરીશ ગાલા** (ઉંમર વર્ષ ૫) એ

ઈંડિયન સ્પોર્ટસ એરોબિક એન્ડ ફિટનેસ ફેડરેશન

દ્વારા આયોજિત

રાષ્ટ્રીય કક્ષાની એરોબિક્સ સ્પર્ધામાં

**સોલો, ડુએટ અને ગ્રુપ,**

એમ **ત્રણ કાંસ્ય પદક** મેળવ્યા છે.



રાષ્ટ્રીય કક્ષાએ હીરની આ સિદ્ધિ બદલ

પગદંડી અને ક.વી.ઓ. સેવા સમાજના

અભિનંદન.

# શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
## અપડેટ

**તા. ૨૬ સપ્ટેમ્બર થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૪** (માનદ મંત્રીઓ)

✤ **બુકબૅન્ક:**

દર મહિનાના પહેલા અથવા બીજા રવિવારે પુસ્તકોની આપ-લે માટે બુકબૅન્કના મુખ્ય સૅન્ટર ચીંચબંદર કાર્યાલય ખુલ્લો રાખવામાં આવેલ.

✤ **સંજીવની સ્વાસ્થ્ય યોજના:**

સંજીવનીમાં ક્લેમ અંગે પૂછપરછ માટે મહિનાના બીજા અને ચોથા બુધવારે ડૉક્ટર સંજીવની કાર્યાલયમાં હાજર રહે છે. સંજીવની યોજનામાં ક્લૅમ અંતર્ગત ૧ વ્યક્તિને રૂા. ૫૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **સ્ત્રી-ઉત્કર્ષ યોજના :**

તા. ૧૬ ઑક્ટોબર અને તા. ૨૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મળેલ લોન સમિતિની મિટિંગમાં ગામ મોખા, નાના ભાડિયા, (૨) મોટી ઉનડોઠ, ભુજપુર, ગુંદાલા, કોટડા રોહા અને કારાઘોઘાની કુળ ૮ બહેનોને ગૃહઉદ્યોગ વધારવા અથવા શરૂ કરવા કુલ રૂા. ૬,૪૦,૦૦૦ ની લોન વિતરીત કરવામાં આવેલ.

✤ **રહેઠાણ યોજના:**

તા. ૨૦ ઑક્ટોબર અને ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ મળેલ લોન સમિતિની મિટિંગમાં ગામ મોટી ખાખર, વડાલા, મંજલ રેલડિયા, મોટી ઉનડોઠ (૨) ડુમરા તલવાણા, ડોણ, (૨) નાના ભાડિયા, ભુજપુર, મોખા, સાડાઉના કુલ ૧૩ વ્યક્તિઓને કુલ રૂા. ૪૭,૦૦,૦૦૦/- ની લોન પોતીકા ઘર માટે વિતરીત કરવામાં આવેલ.

✤ **શૈક્ષણિક યોજના :**

તા. ૨૮ સપ્ટેમ્બર, ૧૨ ઑક્ટોબર અને ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મળેલ સમિતિમાં ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસાર્થે ૩૫ વિદ્યાર્થીઓને ૪૧,૭૮,૦૦૦/- અને ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ જતા કુલ ૩ વિદ્યાર્થીઓને રૂા. ૭,૦૦,૦૦૦/- એમ કુલ ૪૮ લાખ ૭૮ હજારની લોન વિતરીત કરવામાં આવેલ.

✤ **કૉમ્પ્યુટર યોજના :**

ઑક્ટોબર, ૨૦૨૪માં ૧ વિદ્યાર્થીને શિક્ષણ અભ્યાસાર્થે રૂા. ૩૦,૦૦૦/- લેપટોપ લોન પેઠે આપવામાં આવેલ.

❖ **વૈદ્યકિય રાહત યોજના:**

તા.૧૬ ઑક્ટોબર, ૨૬ નવેમ્બર અને ૨૩ ડિસેમ્બર, ૨૦૨૪નાં રોજ મળેલ મિટિંગમાં ગામ ફરાદી, લાયજા, મોટા આસંબિયા (૨), બિદડા (૨), ભુજપુર(૨), છસરા (૨), દુર્ગાપુર, રતાડીયા ગણેશવાલા (૩), દેવપુર, બાડા (૪), વડાલા, કોટડા (રોહા), પુનડી, કોટડી મહાદેવપુરી, પ્રાગપુર (૨), ભોરારા, ડેપા (૨), મોટી ઉનડોઠ (૨) બારોઈ, ભોજાય (૨), કુંદરોડી, રામાણિયા, ચૂનડી (૨), ગુંદાલા, મકડા, ગેલડા, ખારૂઆ, પત્રી, મુંદ્રા, મોટી ખાખર, નાની તુંબડી, તલવાણા, કારાઘોઘા, મોટા રતાડિયા, કપાયા, મેરાઉ (૨), સાભરાઈ, મોટી રાયણના કુલ ૫૫ જરૂરિયાતમંદ ભાઈ-બહેનોને રૂા. ૯,૭૮,૯૪૫/-ની સહાય વૈદ્યકીય ખર્ચ પેઠે આપવામાં આવેલ છે.

❖ **પેરેન્ટિંગ કાઉન્સેલિંગ:-** કાઉન્સેલિંગ સમિતિ દ્વારા દર શનિવારે એપોઈન્ટમેન્ટ દ્વારા માટુંગા, ડોંબિવલી, ઘાટકોપર, બોરીવલી, ગોરેગામ ખાતે બાળ ઉછેર વિશે બાળક અને તેમના વાલીઓ માટે એક સેશનનું આયોજન કરવામાં આવે છે.

❖ **બિન્દાસ બોલ- ૨૦૨૪ રાષ્ટ્રીય સ્તરની વકતૃત્વ સ્પર્ધા:**

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ આયોજિત માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા (ડુમરા) પ્રાયોજિત બિન્દાસ બોલ સ્પર્ધા આ વર્ષે પ્રાથમિક રાઉન્ડમાં નવેમ્બર ૨૦૨૪ સેવા સમાજનો પ્રથમ રાઉન્ડ વેલબાઈ સભાગૃહ, માટુંગા ઉપરાંત બોરીવીલ, મલાડ, કાંદિવલી, અંબરનાથ, ડોંબિવલી, મુલુંડ, ઘોટકોપર, સોનગઢ, બોર્ડિંગ, સાંગલી, કોલ્હાપુર, નાગપુર, હૈદરાબાદ, છત્તીસગઢ (એમ.પી.), વાપી, પુના એમ મુંબઈ ઉપરાંત બહારગામની સંસ્થોનાં સહયોગથી એમના એરીયામાં યોજવામાં આવેલ જેમાં કુલ ૪૫૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધેલ.

સેમિફાઈનલ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળામાં તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૪માં યોજાયેલ જેમાં પ્રથમ રાઉન્ડમાં ૧૩૦ સ્પર્ધકોની પસંદગી કરવામાં આવેલ.

ફાઈનલ રાઉન્ડમાં ૨૮ સ્પર્ધકોની રસાકસીભરી સ્પર્ધા ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર ખાતે રવિવાર, તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૪નાં રોજ યોજવામાં આવેલ.

આ સ્પર્ધાના પ્રાયોજક પરિવાર, સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકો, નિર્ણાયક, સંચાલકો, પ્રથમ રાઉન્ડ યોજનાર સ્થાનિક સંસ્થાના સંચાલકો, ટ્રસ્ટી ગણ, સુજ્ઞ શ્રોતાગણ, પ્રથમ રાઉન્ડ, સેમી ફાઈનલ અને ફાઈનલ સ્પર્ધામાં મદદરૂપ થનાર સર્વે નામી અનામી કાર્યકરોનો સેવા સમાજ હાર્દિક આભાર માને છે.

✤ **સાંસ્કૃતિક કાર્યક્રમ :**
સાંસ્કૃતિક સમિતિ દ્વારા થિયેટર ઍક્ટિંગ વર્કશોપનું આયોજન શનિવાર તા. ૭ અને રવિવાર તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ વેલબાઈ સભાગૃહ માટુંગા ખાતે કરવામાં આવેલ. આ વર્કશોપમાં નાટકમાં ભાગ વિશે પ્રોફેશનલ ડાયરેક્ટર પ્રીતેશ સોઢા દ્વારા શિખવાડવામાં આવેલ.

✤ **''ગાલા સ્પ્રીંગ્સ્ કપ'' વૉલીબૉલ ટૂર્નામેંટ:**
આ વર્ષે ગામ ગ્રુપ ઈનડાયરેક્ટમાં કુલ ૧૦ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ મેચ તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૪નાં રોજ યોજાઈ જેમાં વિનર - નાંગલપુર, પ્રથમ રનરઅપ- કપાયા, અને બીજા રનરઅપ- કોડાય રહેલ.

✤ **જનરલ ગ્રુપ ઈનડાયરેક્ટ**માં કુલ ૧૪ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ મેચ તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાઈ જેમાં વિનર - ઓલ સ્ટાર A, પ્રથમ રનરઅપ- એચિવર્સ, અને બીજા રનરઅપ - સિલ્વર સ્પાઈકર્સ A રહેલ.

✤ **જનરલ ગ્રુપ ડાયરેક્ટ**માં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાઈ, જેમાં વિનર - રોઝ, પ્રથમ રનરઅપ - હિંદમાતા વૉલીબૉલ કલબ, બીજા રનરઅપ - સ્પાઈકિંગ વોરીઅર્સ રહેલ.

✤ **ગામ ગ્રુપ ડાયરેક્ટ**માં ૧૨ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ મેચ તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાઈ જેમાં વિનર - બિદડા, પ્રથમ રનરઅપ - નાના ભાડિયા, બીજા રનરઅપ - તલવાણા રહેલ.

ઉપરોક્ત બધી ટૂર્નામેંટ શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ) સંચાલિત પેવેલિયન ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી. સંપૂર્ણ ટૂર્નામેંટનાં પ્રાયોજક શ્રીમતી તારાબેન વિશનજી ગાલા (ડુમરા-થાણા).

✤ **''નવનીત કપ'' કચ્છી ક્રિકેટ ટૂર્નામેંટ:**
આ વર્ષે નવનીત કપ T-૨૦ ટુર્નામેંટ વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૪૧ ગામની ટીમોએ ભાગ લીધેલ. ડ્રો તા. ૧૨ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ કરવામાં આવેલ. પ્રથમ રાઉન્ડ ૧૬ ઑક્ટોબર, ૨૦૨૪ થી સેમિફાઈનલ ૧૧ નવેમ્બર, ૨૦૨૪ સુધીની બધી મૅચો દાદર-માટુંગા પીચો પર યોજાઈ હતી.

આ ટૂર્નામેંટ એલાઈટ અને પ્લેટ ગ્રુપની ફાઈનલ શુક્રવાર, તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ફાતીમા ગ્રાઉન્ડ, વિદ્યાવિહાર ખાતે યોજાયેલ.

**એલાઈટ ગ્રુપ**માં પૂનડી - ૧૦૨/૯ સામે બિદડા ૧૦૩/૬ થી વિજયી રહેલ.

પ્લેટ ગ્રુપમાં ડોણ ૧૧૮/૮ સામે દેશલપુર ૧૧૯/૩ થી વિજયી રહેલ.

✤ ગામ ગ્રુપની ૪૦ ઓવરની ટૂર્નામેંટમાં આ વર્ષ ૨૭ ટીમોએ ભાગ લીધેલ છે, જેનો ડ્રો તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ કરવામાં આવેલ. ક્વાલીફાઈ રાઉન્ડની મેચો તા.૧૭ ડિસેમ્બર, ૨૦૨૪થી શરૂ થયેલ છે.

✤ **વાર્ષિક સામાન્ય સભા :**
શ્રી ક.વી.ઓ. સેવા સમાજની વર્ષ ૨૦૨૩-૨૪ની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ૧લા માળે, મહાજન વાડી, કેશવજી નાયક રોડ, ચીંચબંદર ખાતે યોજવામાં આવેલ છે.

✤ ✤ ✤

## અનુદાન - આભાર

**તા. ૧ ઑક્ટોબર થી તા. ૨૫ ડિસેમ્બર સુધી આવેલ અનુદાનની યાદી**

| | | |
|---|---|---|
| રૂા. | ૧,૦૮,૦૦૦/- | તા. ૮ ઑગસ્ટ ૨૦૨૩ના ચિ. મિસ્કા આદિત્ય વિરેન જયંતીલાલ કારાણીની જન્મ ખુશાલી નિમિત્તે માતુશ્રી ભાનુમતી જયંતીલાલ કારાણી (કુમરા-માટુંગા) તરફથી - શૈક્ષણિક ફંડ. |
| રૂા. | ૧,૦૦,૦૦૦/- | શ્રી મણિલાલ કાનજી પોલડિયા (બિદડા-પરેલ) ૭૫માં જન્મદિવસ નિમિત્તે એમના તરફથી શૈક્ષણિક ફંડ. |
| રૂા. | ૧૧,૦૦૦/- | શ્રી જીનેશ હેમંત લાલન (કોડાય - બોરીવલી વેસ્ટ) તરફથી - શૈક્ષણિક ફંડ. |
| રૂા. | ૨,૧૦૦/- | તા.૧૭ ઑક્ટોબર માટે સ્વ. શ્રી સુરેશ દેવરાજ ગાલા (મકડા-મુલુંડ)ની માસિક પુણ્યતિથિ નિમિત્તે માતુશ્રી ખેતબાઈ દેવરાજ ગાલા તરફથી -વૈદ્યકીય સહાય. |
| રૂા. | ૧,૧૧૧/- | શ્રી નિલેશકુમાર શામજી એન્ડ કંપની - વૈદ્યકીય સહાય ફંડ |

**દાતાશ્રીઓનો આભાર.**

**મળેલ અનુદાન નિમિત્તે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દાતાશ્રીઓનો આભાર માને છે. સંસ્થાની સ્ત્રીઉત્કર્ષ, રહેઠાણ યોજના, વૈદ્યકીય સહાય, શૈક્ષણિક ફંડ જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ અનુદાનમાં આયકર કલમ 80-G બાદ મળે છે.**

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ નવેમ્બર ૨૦૨૪ થી તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૪)**

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વચાદાન : ✪ અવયવદાન : ✷**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| હરખચંદ નાનજી કરમશી છેડા | ૮૦ | નાના આસંબિયા | નવી મુંબઈ |
| રતનબેન લાલજી નરશી સાવલા | ૮૭ | રાયણ | અંધેરી |
| ધર્મેશ ઘેલાભાઈ વેલજી નંદુ | ૫૮ | મોટા આસંબિયા | કાંદિવલી |
| પ્રભાબેન કલ્યાણજી કુંવરજી ખીમસરિયા | ૮૪ | મોટી ઉનડોઠ | વડોદરા |
| ધનજી રામજી દેવજી કેનિયા | ૯૪ | બારોઈ | મલાડ |
| અ.સૌ. લતા મયુર હંસરાજ ગાલા | ૬૫ | મોટા આસંબિયા | સાંતાક્રુઝ |
| અ.સૌ. પાનબાઈ દામજી વેલજી દેઢિયા | ૯૦ | ભુજપુર | ગાંધીનગર |
| નૈતિક અતુલ માવજી ગાલા | ૨૦ | સાડાઉ | કાંદિવલી |
| દિનેશ શામજી ધારશી ગડા | ૭૩ | ગઢશીશા | દહિંસર |
| મણિબેન મગનલાલ ચાંપશી ગાલા | ૮૨ | લાખાપર | મુલુંડ |
| તારામતી વલ્લભજી હરશી ગલિયા | ૮૫ | લુણી | સાંતાક્રુઝ |
| ભવ્ય હરખચંદ દેવજી ગડા | ૨૨ | ખારૂઆ | ડોંબિવલી |
| જ્યોતિ દિનેશ દેવશી મારુ | ૬૬ | ડેપા | ભાઈંદર |
| જવેરબેન માવજી કેશવજી ગાલા | ૮૧ | કોડાય | મલાડ |
| વસનજી હરશી માણેક સંગોઈ | ૮૨ | ટોડા | કોપરખૈરણે |
| દેવશી અરજણ લખમશી દેઢિયા | ૮૨ | ભુજપુર | બોરીવલી |
| પ્રેમચંદ કેશવજી ચાંપશી ગોસર | ૮૪ | ગોધરા | થાણા |
| ડુંગરશી હીરજી આસગ શાહ/નાગડા | ૮૮ | કોડાય | દાદર |
| વાસંતી લક્ષ્મીચંદ ખીયશી હરિયા | ૫૨ | શેરડી | શેરડી |
| પ્રવીણ વશનજી દેવરાજ શેઢિયા | ૭૫ | વડાલા | મુલુંડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ગુણવંતી સુંદરજી ખીમજી ગંગર | ૭૫ | મેરાઉ | ભાયખલા 👁 |
| માવજી દેવજી માલસી લાપસિયા | ૮૯ | ગેલડા | ચેમ્બુર (૮ ઉ) |
| પ્રેમાબેન મનસુખલાલ જખુ શાહ / મોતા | ૮૪ | મુંદ્રા | મુંદ્રા |
| વસંત લખમશી નાગડા | ૬૩ | કોટડી (મહા.) | ડોંબિવલી |
| દેવચંદ ગાંગજી નાગજી ગડા | ૬૮ | રાયધણજર | ડોંબિવલી |
| નેણબાઈ નાનજી શામજી વીરા | ૮૨ | કારાઘોઘા | દુર્ગાપુર |
| શામજી મગનલાલ હંસરાજ ફુરિયા | ૮૭ | તલવાણા | ચેમ્બુર |
| સાકરબેન વિશનજી દેવરાજ શેઢિયા | ૯૭ | વડાલા | આદિપુર |
| જેન્તીલાલ જેવત જીવરાજ નાગડા | ૬૮ | મોટી વરંડી | મુલુંડ |
| અ.સૌ. મંજુલાબેન મણિલાલ દેવજી છેડા | ૮૭ | મોટા આસંબિયા | મુલુંડ |
| પીયૂષ ઠાકરશી લાલજી રાંભિયા | ૪૩ | રામાણિયા | વિરાર |
| વસંતકુમાર મોરારજી ઠાકરશી શાહ/દેઢિયા | ૮૦ | કુંદરોડી | તાડદેવ |
| જયેશ પ્રેમજી માલસી ગડા | ૫૮ | કોડાય | કાંદિવલી 👁 |
| મણિબેન હરિલાલ પ્રેમજી ગાલા | ૭૭ | સમાઘોઘા | કાંદિવલી |
| જયંતીલાલ કુંવરજી ચાંપશી છેડા | ૭૮ | પુનડી | જોગેશ્વરી |
| રાઘવજી પાસુ ગેલા ગોગરી | ૮૬ | પત્રી | ઘાટકોપર |
| મુલચંદ જેઠુ વિસરિયા | ૬૮ | ભોજાય | ભોજાય |
| જમનાબેન રામજી નાનજી ગંગર | ૮૯ | નાંગલપુર | દાદર |
| અમૃતલાલ લાલજી ઉમરશી નંદુ | ૮૨ | નાના ભાડિયા | ડોંબિવલી |
| રૂક્ષ્મણીબેન જીવરાજ વેલજી દેઢિયા | ૯૦ | સાડાઉ | માટુંગા ચોવિહાર ૬ ઉ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| વસનજી ટોકરશી શાહ (સાવલા) | ૭૨ | બેરાજા | કાંદિવલી |
| હીરાવંતી હીરજી ખીંયશી ગડા | ૭૭ | બાડા | માટુંગા |
| શ્રીમતી કંચનબેન કાંતિલાલ વીરજી ગાલા | ૮૫ | કુંદરોડી | માટુંગા |
| કંકુબેન ખીંયશી લખમશી દેઢિયા | ૮૭ | ભુજપુર | સાયન |
| પરાગ (બારોઈનાં પુષ્પાબેન પ્રવીણ મેઘજી દેઢિયાના જમાઈ) | ૪૩ | - | નાલાસોપારા |
| હરિલાલ વેલજી લધા નિસર | ૮૯ | વડાલા | હૈદરાબાદ |
| મોરારજી ચના કોરશી વોરા/વિકમાણી | ૯૧ | કોટડ (રોહા) | તાડદેવ |
| અપર્ણા જીનેશ મનસુખ ગાલા | ૪૧ | સાડાઉ | ઘાટકોપર |
| રૂક્ષ્મણીબેન પ્રેમજી કુંવરજી છેડા | ૮૩ | ગજોડ | ગજોડ |
| મા. કેસરબેન ગોવિંદજી કુંવરજી નાગડા | ૮૬ | નરેડી | દિગ્રસ |
| તરણ દામજી સાવલા | ૫૯ | વડાલા | પુના |
| ધીરજલાલ રતનશી વસનજી સંગોઈ | ૭૩ | કપાયા | ગોરેગામ |
| બા.બ્ર. જાદવજી ટોકરશી હંસરાજ છેડા | ૭૭ | મોટા આસંબિયા | મઝગામ |
| મંજુલાબેન હરિલાલ હીરજી વોરા | ૮૪ | કુંદરોડી | ગોરેગામ |
| રાજેશ દેવરાજ ભવાનજી વોરા | ૪૯ | નરેડી | વડાલા |
| ગં. સ્વ. નૂતનબેન કિરણ જવેરચંદ વિસરિયા | ૫૭ | ગઢશીશા | ઘાટકોપર |
| બા.બ્ર. પ્રભાબેન કુંવરજી ભારમલ છેડા | ૭૫ | રતાડિયા ગણેશ | મુલુંડ |
| ટોકરશી પાંચારિયા ગાલા | ૯૪ | ગોધરા | સાંતાક્રુઝ |
| ઉમીત ખીમજી મુરજી ગાલા | ૪૧ | મકડા | ગઢશીશા |
| લક્ષ્મીબેન (બબીબાઈ) છેડા | ૮૬ | રાયણ | ડોંબિવલી |
| હીરબાઈ હેમરાજ વેરશી હરિયા | ૯૦ | શેરડી | માટુંગા |
| ચિ. કલ્પેશ નવીનચંદ્ર ડુંગરશી છેડા | ૪૯ | મોટા કાંડાગરા | માંડવી |
| વલ્લભજી લખમશી શાહ/રાંભિયા | ૯૨ | રામાણિયા | ગાંધીધામ |
| કુ. વર્ષા ધીરજલાલ ટોકરશી કાપડિયા | ૬૧ | પત્રી | હૈદરાબાદ |
| ધીરજલાલ દેવજી ભાણજી દેઢિયા | ૬૯ | નાની ખાખર | ચેમ્બુર |
| ગં.સ્વ. ચંચળબેન ખીમજી નાગશી બોરીચા | ૭૦ | વાંઢ | વાશી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ઈંદુબેન મણિલાલ નાગશી છાડવા | ૭૩ | બાડા | અંબરનાથ |
| મધુ ડુંગરશી મેઘજી શાહ / દેઢિયા | ૭૯ | કોડાય | બોરીવલી |
| ભરત પ્રેમજી તેજશી છેડા | ૫૯ | બાયઠ | કાંજુરમાર્ગ |
| અ.સૌ. જયવંતી વલ્લભજી લાલજી નાગડા | ૬૬ | સણોસરા | દાદર |
| લક્ષ્મીચંદ પ્રેમજી દના ગાલા | ૭૫ | સાડાઉ | કાંદિવલી |
| તલકશી ગાંગજી ઠાકરશી ગડા | ૭૮ | મોટા લાયજા | મુલુંડ |
| મા. મુલબાઈ ભીમશી માણેક વિસરિયા | ૯૮ | બાડા | મુલુંડ |
| મા. લીલાવંતીબેન દેવરાજ ચના ગાલા | ૮૦ | ગોધરા | અંધેરી |
| દેવાબાઈ દામજી લખમશી સોની | ૮૭ | બાંભડાઈ | ડોંબિવલી |
| દમયંતી રમણલાલ ડાહ્યા ગાલા | ૮૭ | રાયધણજર | આદિપુર |
| જીવરાજ મેઘજી થોભણ ગાલા | ૮૮ | ભોજાય | ગુલબર્ગા |
| | | | |

## પ્રાર્થના રાખેલ છે

| | | | |
|---|---|---|---|
| ખુશાલ મેઘજી વીરજી ગાલા | ૬૭ | દેવપુર | વાપી |
| કેતન કલ્યાણજી મોણશી દેઢિયા | ૫૨ | નાના આસંબિયા | લાલબાગ |
| લીલાવંતી ખીમજી હંસરાજ ભારાપુરિયા | ૮૪ | ભારાપુર | વિલે પાર્લે |
| પ્રબોધ જીવરાજ હંસરાજ દેઢિયા | ૬૨ | ગઢશીશા | મુલુંડ |
| પ્રભાબેન પ્રેમજી રતનશી ગાલા | ૮૬ | નાના ભાડિયા | માટુંગા |
| CA દિપક મુલચંદ વિસનજી મારુ | ૫૬ | બેરાજા | ગોરેગામ |
| અ.સૌ. ધનવંતી નવનીત લીલાધર હરિયા | ૬૫ | શેરડી | થાણા |
| મોહનલાલ લાલજી દેવજી લાપસિયા | ૭૯ | નાના ભાડિયા | દાદર |
| મા. મંજુલાબેન પ્રાગજી ગાંગજી સાવલા | ૮૮ | બિદડા | ઘાટકોપર |
| પ્રભાબેન શિવજી દેવરાજ સાવલા | ૭૪ | તુંબડી | કાંદિવલી |
| પ્રકાશ વિશનજી કુંવરજી તેજાણી/કેનિયા | ૮૦ | મુંદ્રા | બેલારી |
| અ.સૌ. સુશીલા જાદવજી મોણશી સાલિયા | ૮૧ | નાની ખાખર | મુલુંડ |
| શાંતિલાલ ગગુભાઈ નરશી દેઢિયા | ૭૨ | વડાલા | મુલુંડ |
| રીના રાજેન્દ્ર શામજી સંગોઈ | ૬૬ | પ્રાગપુર | વિલે પાર્લે |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| જયંતીલાલ વાલજી પુંજા છેડા | ૬૯ | નાના ભાડિયા | દાદર |
| અમરશી કાનજી ખેરાજ ગડા | ૫૫ | લાકડિયા | અંધેરી |
| ભૂપેન્દ્ર ઠાકરશી લાલજી વિસરિયા | ૭૯ | શેરડી | માટુંગા |
| કેસરબેન ઝવેરચંદ પ્રેમજી ગોસર | ૮૫ | મોટા રતાડિયા | ડોંબિવલી |
| લક્ષ્મીબેન ડુંગરશી વેલજી ગાલા | ૮૬ | મોટા આસંબિયા | લાલબાગ |
| મણિલાલ ડાહ્યાભાઈ વેરશી ગાલા | ૭૯ | દેવપુર | શિવરી |
| પ્રિયા પ્રશાંત ખુશાલ ગડા | ૪૫ | લાયજા | માટુંગા |
| મા. દમયંતીબેન જયંતીલાલ રવજી મારુ | ૭૭ | દેવપુર | મુલુંડ |
| અશોક બાલુભાઈ ધારશી ગાલા | ૬૫ | મોખા | ગોરેગામ |
| રશ્મિ મગનલાલ રવજી છેડા | ૬૬ | રતાડિયા ગણેશ | મુલુંડ |
| અ.સૌ. કેસરબેન મોહનલાલ માવજી ગાલા | ૭૦ | મકડા | મુલુંડ |
| સુશીલા શાંતિલાલ હીરજી દેઢિયા | ૭૭ | ટુંડા | બોરીવલી |
| અ.સૌ. પાર્વતીબેન રતનશી આખા સત્રા | ૮૨ | મનફરા | દાદર |
| ઉમરશી રામજી રતનશી છેડા | ૮૩ | બાડા | મુલુંડ |
| મુરજી રવજી કાનજી ગાલા | ૯૫ | મોટા આસંબિયા | માટુંગા |
| અ.સૌ. રંજનબેન નરેન્દ્ર મોરારજી વીરા | ૬૮ | બિદડા | ભાયખલા |
| કાંતિલાલ પાસુ કચરા છેડા | ૭૦ | માપર | તાડદેવ |
| અ.સૌ. રૂક્ષ્મણી ધીરજ લાલજી મારુ | ૬૯ | ડોણ | અમદાવાદ |
| અ.સૌ. રેખાબેન રમણીકલાલ કેશવજી ગંગર | ૭૯ | મોટી ખાખર | કાંદિવલી |
| અ.સૌ. હંસા હેમચંદ મુલજી શાહ/ગાલા | ૭૦ | મોટા આસંબિયા | મલાડ |
| અ.સૌ. હીના વિલાસ નાનજી વિકમાણી | ૫૬ | કોટડા (રોહા) | ડોંબિવલી |
| દામજી કાનજી શંભુલાલ ગાલા | ૬૬ | લાકડિયા | ફોર્ટ |
| બંસીલાલ લખમશી લાલજી ગોગરી | ૬૬ | નાના ભાડિયા | પરેલ |
| અ.સૌ. દમયંતીબેન નેમચંદ વેલજી ગોગરી | ૭૧ | ત્રગડી | મીરા રોડ |
| કિશોર હીરજી ગગુ ગાલા | ૭૧ | રાયણ | મુલુંડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| રતનશી રામજી કાનજી ગાલા | ૮૭ | મોટા આસંબિયા | વિલે પાર્લે |
| અનિષ ભાઈલાલ દેવરાજ સાવલા/સાડીવાલા | ૫૨ | કોડાય | સાયન |
| પરેશ નગીનચંદ્ર ભાણજી શાહ/ગડા | ૫૩ | રાયણ | સાંતાક્રુઝ |
| પ્રેમજી વાલજી વેલજી શેઠિયા | ૭૫ | વડાલા | માટુંગા |
| મોરારજી વેલજી હાજા વોરા | ૭૨ | નવીનાર | ડોંબિવલી |
| મા. પ્રભાબેન કાનજી કારૂ મામણિયા | ૮૭ | મેરાઉ | મલાડ |
| જેઠાલાલ દેવજી ધરમશી હરિયા | ૯૦ | શેરડી | તેલંગાણા |
| અજય નેમચંદ ટોકરશી ગાલા | ૫૫ | ભુજપુર | ભાઈંદર |
| હિમાંશુ શામજી હોથી ગડા | ૪૧ | લાકડિયા | અંધેરી |
| ભરત ઝવેરચંદ લખમશી ખુથિયા | ૭૧ | નાની તુંબડી | માટુંગા |
| અ.સૌ. લેરકીબેન જયંતીલાલ વીરજી ગોગરી/શાહ | ૮૭ | નાંગલપુર | ભાયખલા |

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**


network techlab
Adding Values to Work
જો તમારો વ્યવસાય આસમાને પહોંચી રહ્યો છે,
તો તમારું ડેટા સેન્ટર હજુ જમીન પર કેમ છે ?
આજે જ ક્લાઉડ આધારિત ડેટા સેન્ટર પર સ્વિચ કરો નેટવર્ક ટેકલેબ સાથે !
Get Complete Cloud Services
Cloud Computing
Cloud Storage
Domain & Cloud Hosting
Disaster Recovery
VPS
Virtual Server
Atmosvault backup service
ડેમો માટે અમને સંપર્ક કરો !
+91 8879004536 info@netlabindia.com www.netlabindia.com | Find us on :

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) JANUARY 2025 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ
75
સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૫ વર્ષ
સંપ, સંગઠન, સમર્પણ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

